# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | પંચામૃત | પ્રિય સ્વજન, | ..... ૦૨ |
| ૨. | અવસર આંગણિયે | અર્હદ ભક્તિ | ..... ૦૩-૦૬ |
| | | ત્રિશલા માતાને આવેલ ૧૪ સ્વપ્નોનું રહસ્ય | ..... ૦૬-૧૦ |
| ૩. | News Line : | (1) પર્યુષણ અનુભવધારા 2013 | ..... ૧૧-૧૨ |
| | | (2) અખાત્રીજ મહાસત્સંગ | ..... ૧૨-૧૩ |
| ૪. | અપૂર્વ અવસર | સ્વામી વાત્સલ્ય | ..... ૧૪ |
| ૫. | પર્યુણ અનુભવધારા 2013 ની આછેરી ઝલક | | ..... ૧૫ |
| ૬. | પર્યુષણ અનુભવધારા 2014 ની વિસ્તૃત રૂપરેખા | | ..... ૧૬-૧૭ |
| ૭. | પયુર્ષણ અનુભવધારા 2013 માં સાક્ષાત હાજર શ્રી સીમંધર સ્વામીના મલકાતા વિવિધ સ્વરૂપો | | ..... ૧૮ |
| ૮. | આહાર-વિહાર | NATUROPATH (Drugless Therapay) | ..... ૧૯ |
| ૯. | આગામી કાર્યક્રમની વિશેષ માહિતી | | ..... ૨૦-૨૧ |
| ૧૦. | અનુભવનું અત્તર | પર્યુણણ અનુભવધારા - 2013 | |
| | | (1) Scientific Pratikraman | .... ૨૨ |
| | | (2) પર્યુષણ Day | .... ૨૨-૨૩ |
| | | (3) મહાવીર જન્મોત્સવ | .... ૨૩ |
| ૧૧. | પ્રભુવાણી | તત્વ સ્વરૂપ - ૨ | ..... ૨૪-૨૫ |
| ૧૨. | જિજ્ઞાસા તમારી - જવાબ પ્રભુના | સત્સંગીઓના પ્રશ્નોના જવાબો | ..... ૨૬-૨૭ |
| ૧૩. | સત્સંગ | ગુરૂ-શિષ્યના સબંધ | ..... ૨૮-૨૯ |
| ૧૪. | બાલજગત | | ..... ૩૦ |
| ૧૫. | Audio-Video CD-DVD Collection | | ..... ૩૧ |
| ૧૬. | Annual Activities | | ..... ૩૨ |


## : આગામી કાર્યક્રમની રૂપરેખા :


1) અરિહંત TV ચેનલ (દરરોજ સવારે 8.30 અને રાત્રે 11.30 કલાકે) → વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 20

2) પ.પૂ. પંકજભાઈના સાનિધ્યમાં શ્રી કિશોર ભીમજી સંઘવી
Divine Scientific Practical સમ્યક્ પર્યુષણ અનુભવધારા → વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 16,17
22nd August to 30th August 2014 (9 દિવસ)

3) શ્રી નવરાત્રી આરાધના, શ્રી નવપદ સાધના તથા શ્રી સિધ્ધચક્ર યંત્ર જાપ પૂજન અનુષ્ઠાન
(૧૫ દિવસની આરાધના સાધના) (આસો સુદ ૧ થી આસો સુદ ૧૫) → વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 20
25th September to 8th October 2014 (15 દિવસ)

4) આધ્યાત્મિક યાત્રા પ્રવાસ – 2014 → વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 20

5) નમસ્કાર મહામંત્ર યોગ દ્વારા The Science of Divine Living Part - II
Practical Workshop (દિવ્ય જીવન વ્યવસ્થાના નવ પગથિયા) → વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 21

6) International મહાસંમેલન - Vision 2020 તથા
પરમ આનંદ પરિવારના સભ્યોનો વિશેષ સન્માન સમારોહ (દિવ્ય જીવન મુક્તિ માળ રોપણ) → વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 21

7) નમસ્કાર મહામંત્ર યોગ દ્વારા The Science of Divine Living Part - I → વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 21

9) Celebration Satsang (ઉત્સવ સત્સંગ) → વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 21

10) Open House Satsang → વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 21

**પ્રિય સ્વજન,**

**''આવ્યો છે મહોત્સવ પર્યુષણનો રે.....,**

**પરમોત્સવ મુક્તિનો Resort રે.....''**

આનંદ, ઉમંગ, ઉલ્લાસના દિવસો આવી ગયા છે. બહારની ગરમી ઓછી થઈ ગઈ છે. વર્ષાઋતુની ભીની મૌસમ શરૂ થઈ ગઈ છે ને અંદર ઠંડક પ્રસરી રહી છે. પર્યુષણ મહોત્સવ નજદીક આવી ગયો છે ત્યારે મન મોર બની થનગનાટ કરી રહ્યું છે. ''મારે નથી થવું હેરાન'' પરમ લક્ષ – પરમ ધ્યેયને પ્રગટ કરવા ઋતુંભરાના સમોવસરણમાં તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધર સ્વામીની સતત સાક્ષાત હાજરી માણવી છે. એમના તરંગોને આપણાં તરંગો સાથે જોડવા છે, ને પ્રભુની સાથે વાત કરતાં કરતાં પ્રભુ ભક્તિ કરવી છે. પ્રભુની હાજરીમાં બાર મહિનાનું સરવૈયુ કાઢી ભૂલોનો સ્વીકાર કરી ભૂલોને delete કરવી છે. Action Video Replay કરી ભૂલોને delete કરી હર ક્ષણનો મોક્ષ (freedom) મેળવવો છે. ને અરિહંત પ્રભુનું જીવન ક્યવન જોતાં જોતાં આપણે ભગવાન કેમ બનવું તેની formula શીખવી છે.

બસ... પ્રભુ હવે તો એક જ ધ્યેય છે ''મારે નથી થવું હેરાન'' ને તેને achive કરવાનું છે. આ જ સતત લક્ષમાં રાખવાનું છે. માટે જ સતત જાગૃતિમાં રહેવા માટે **''પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર''** દ્વારા આયોજિત **''શ્રી કિશોર ભીમજી સંઘવી Divine Scientific Practical સમ્યક્ પર્યુષણ અનુભવધારા''**માં **પ.પૂ. ગુરૂદેવ શ્રી પંકજભાઈ**ના સાનિધ્યમાં ઋતુંભરાના દરબારમાં મળેલ અવસર ગુમાવવો નથી. મુક્તિ Resort ના આ પર્યુષણ અનુભવધારામાં વહેવાનું ચૂકશો નહી.



**(સીમંધર સ્વામીની સાક્ષાત હાજરી)**

**આપનો પ્રિય મિત્ર,**
**નમો જિણાણં.**

## નમ્ર નિવેદન

**'નમો જિણાણં'** મેગેઝીનના આ અંકથી લવાજમ લેવામાં આવશે. જે શિબિરાર્થી / સત્સંગી ભાઈ–બહેનોને આ મેગેઝીન રેગ્યુલર મળે એવી ઇચ્છા હોય તો **આજીવન સદસ્યના રૂ. ૯૦૦/–** સાથે આપના સેન્ટર સંચાલકને તમારું નામ, સરનામું તથા ફોન નંબર લખી આપવા વિનંતી. (Subscription Form to be filled & send with Amount).

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **મુલુંડ** | : | **રીટા મારૂ** | – **98698 62373** | **પાર્લા** | : | **ડિંપલ શાહ** | – **98331 33266** |
| **માટુંગા** | : | **નીતીનભાઈ** | – **98690 52507** | **કાંદિવલી** | : | **અલ્પેશ શાહ** | – **98202 12816** |


**નમો જિણાણં**
The Science of Divine Living
(ત્રિમાસીક -પત્રિકા)

અંક : **૨૫**, વર્ષ :**૨૦૧૪**
તા. : **૧૦, ઓગષ્ટ–૨૦૧૪**
મુલ્ય: **૩૦.૦૦ રૂપિયા**

મુદ્રક :
**ગોગરી ઓફસેટ પ્રિંટર્સ**

માલિક અને પ્રકાશક :
**પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર (મુંબઈ)**

**નમો જિણાણં**
પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર
E : namojinanam@gmail.com
Website : www.namojinanam.org


**શુભેચ્છક :** **ટીપે ટીપે માટલુ ખાલી થાય અને ક્ષણે ક્ષણે જીવન પુરુ થાય.**

# અર્હદ ભક્તિ

**''હે દેવ, તારા દિલમાં વાત્સલ્યના ઝરણાં ભર્યા,**
**હે નાથ, તારા નયનમાં કરૂણા તણા અમૃત ભર્યા.''**

**હે અરિહંત પરમાત્મા,**

આજે આપની કૃપાથી મારી અવસ્થાનો નવો જન્મ થયો છે. આપની કૃપાથી આજે હું દ્રવ્ય થકી આપના દર્શન કરીને ધન્ય ધન્ય અનુભવું છું. જો આપની શિરછાયા મારા ઉપર ન હોત તો આ દિવસ મને જોવા મળ્યો ન હોત. આવી કૃપા મને સદાય આ ભવ નહીં પરંતુ જ્યાં સુધી હું પરમ લક્ષને ન પામું ત્યાં સુધી ભવોભવ મળતી રહે. આપના દર્શન કરીને મારા સર્વ દોષોનો, પાપોનો, ભૂલોનો નાશ થાય એવી કૃપા કરો... કૃપા કરો...

**હે કૃપાળુ નિધાન,**

જીવનના છેલ્લા અરસામાં તારી ઓળખાણ થઈ છે. અને જ્યારથી તારી અને તારા વચનોની ઓળખાણ થઈ છે ત્યારે એમ લાગે છે ઘણુ ચૂકાઈ ગયું, ઘણો સમય વિતી ગયો. મને જો આ જીવનની શરૂઆતમાં મળી ગયું હોત તો આજે મારી અવસ્થા કંઈક ઓર હોત. તારા જ વચનોએ મને સમજાવ્યું છે કે જ્યારથી સમ્યક્ ઓળખાણ શરૂ થઈ ત્યારથી જીવનની શરૂઆત થઈ છે. બસ એ જ રીતે અહિં આપના ચરણમાં, આપના શરણમાં હું હાજર થયો છું. આવી અનુકુળતા મળી છે એ લૂંટી લેવી છે. તારી હાજરીનો અહેસાસ કરવો છે. અને એ અહેસાસ કરીને જ હું રહીશ. અંદર ઘણું બધુ ભર્યું છે. કેટલાય વખતથી મુંઝાવ છું. આજે તારા ચરણમાં આવીને એવું લાગે છે મને અવશ્ય જવાબ મળશે. તે જે રીતે જીવનનો આનંદ બતાવ્યો છે એવો આનંદ મારા જીવનમાં પ્રગટ થશે એવી શ્રધ્ધા છે. દર ક્ષણે તારુ શરણ, તારો આશ્રય મને મળતો રહે એવી કૃપા કરજે... કૃપા કરજે... કૃપા કરજે.

**હે પ્રભુ,**

હું આપની શરણે આવ્યો છું. ચારે દિશામાં આપની હાજરી ધીમે ધીમે મહેસુસ થઈ રહી છે. જીવ ઈચ્છે છે હંમેશા આપની સાથે આવી રીતે જ રહું. મારા ભાગ્યમાં આપનું મિલન લખાયું હશે માટે આપનો બોલાવો આવ્યો છે એટલે આપની સમક્ષ પ્રસ્તુત થયો છું.

**હે પરમદર્શી પરમાત્મા, હે જગદિશ્વર, હે પરમકલ્યાણી મહારથી,**

જેટલા પણ હું આપના નામ ઉચ્ચારું એમાં આપનું વર્ણન થવુ અસંભવ છે એવુ આપનું સ્વરૂપ છે. આ મહાયોગના ઉપવનમાં ઉપધ્યાન કરવા હું હાજર થયો છું. આપ મને શરણમાં લઈ લો.

**હે પ્રભુ,**

બહુ બહુ ફર્યો, ભટક્યો, ક્યાં ક્યાં જઈ આવ્યો, કેટલાય તીર્થો ફરી આવ્યો, કેટલાય ઘાટ ચઢી આવ્યો પણ આપની મુલાકાત થઈ નહી. આજે આશ લઈને આવ્યો છું કે આપની મુલાકાત થઈ જાય. લાંબો સમય કાઢીને આવ્યો છું જેથી આ મુલાકાત એ નવ દિસની અંદર કાયમની બની જાય. આપની સાથે કાયમની મિત્રતા થઈ જાય એ અંતરની આરઝુ છે. બસ, મારી આ પ્રાર્થના સફળ થાય એવુ કરજો એ જ અર્ચના આપને કરું છું.

**હે સીમંધર સ્વામી,**

આપ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન છો. ભરતક્ષેત્રે ભારત દેશે, મુંબઈ ગામે, જુહુ પરામાં, ઋતુંભરા પરિસરની અંદર આપની ઋતુંભરા માણવા હાજર થયો છું. આપના સૂક્ષ્મ પ્રાણો અમ સુધી પહોંચાડો. અહીં આપની પ્રતિકૃતિ હાજર છે એમાં આપ પધારો. અમારી અંદર આપ ભાવ રૂપે પ્રસરો. આજે મહાવિદેહ ક્ષેત્રની હાજરી અહીં માણવી છે. કૃપા કરો... કૃપા કરો... કૃપા કરો...

આ કૃપા અવશ્ય થશે એવી મારી પૂર્ણ ખાતરી છે. હે અંતરયામી, હે જીવંત પ્રાણધારા, હે યુગગામી, હે જગત પથપ્રદર્શક, હે અંતર અનુગામી... પધારો... પધારો... પધારો.

**હે સીમંદર સ્વામી,**

આપ અહીં પધારી ચૂક્યા છો. મારું સમસ્ત અસ્તિત્વ હું આપને સમર્પિત કરું છું. મારું શરણ ગ્રહણ કરશો.

**હે અરિહંત પરમાત્મા,**

યુગો યુગોથી હું તારી શોધ કરતો હતો. કરોડો વર્ષોથી આ પ્રવાસ કરતાં કરતાં માનવ station સુધી પહોંચ્યો છું. બસ, તારી કૃપાએ આપના પરોપકારથી, હિત બુધ્ધિથી, હિત ભાવોથી હું માનવ station પર આવ્યો છું. આ station ઉપર આવીને તારી હાજરીએ એવું આકર્ષણ કર્યું છે કે આજે તારા પરિસરમાં આવીને ગોઠવાઈ ગયો છું. આ નવ દિવસની અંદર આપની હાજરીમાં મારે ગંગા સ્નાન કરવું છે, દિવ્ય બનવું છે... એવી અસીમ કૃપા કરજો. જેથી આગળના અનંત પ્રવાસની સમજણ તારી ઓળખાણથી થઈ જાય. તારી કૃપા વગર હું અહિં હોત જ નહીં. તે મને પંપાળી પંપાળીને અહિં સુધી પહોંચાડ્યો છે. બસ એક બાળકની જેમ આપને વિનંતી કરું છું કે જ્યાં સુધી એ પરમ લક્ષને ન પામું, પરમ ધ્યેય સુધી ન પહોંચુ ત્યાં સુધી મારા આ અનંતના પ્રવાસમાં તું મારી સાથે રહેજે. ભરતક્ષેત્રમાંથી તારી પાસે સાક્ષાત દ્રવ્ય રૂપે મહાવિદેહ ક્ષેત્રમાં પહોંચી જાઉં. આપણી દ્રવ્ય મુલાકાત થઈ જાય એવી કૃપા વરસાવજે... કૃપા વરસાવજે... કૃપા વરસાવજે.

**હે અરહિંત પરમાત્મા,**

તારા શરણમાં, તારા ચરણમાં હું મારું સમસ્ત અસ્તિત્વ સમર્પિત કરું છું. એનો સ્વીકાર કરજો. મારી ગાંડીઘેલી ભાષામાં તારો વિનય કેમ કરવો, તારો વિવેક કેમ જાળવવો એની કોઈ સુધબુધ નથી. મારું હિત કેવી રીતે થાય એનુ પણ મને ભાન નથી, આવી તો મારી હાલત છે. એનો હું સ્વીકાર કરું છું. આજથી મારું સુકાન, મારા અનંતના પ્રવાસનું સુકાન તને સોંપુ છું. આપ મારા સ્મરણમાં, મારા કિર્તનમાં, મારા હૃદયમાં, મારા શ્વાસોશ્વાસમાં, મારા રોમેરોમમાં, મારા સમસ્ત અસ્તિત્વમાં ફેલાઈ જજો, વિસ્તરી જજો. મારી સાથે એક જુથ બની અનંતના પ્રવાસની અંદર કૃષ્ણ બની જજો. મારી આ અનંતની આ યાત્રામાં આપ કૃષ્ણ સમ બની માર્ગ પ્રરૂપણા, માર્ગદર્શના વારંવાર વિધવિધ સ્વરૂપે કરતા રહેજો એ જ મારી વિનંતી... એ જ મારી વિનંતી... એ જ મારી વિનંતી.

**નમો જિણાણં.**

મારું અસ્તિત્વ એવું બને, જે પણ જીવ જે ઈચ્છે, એ એને હું આપી શકું. આવી જેની ભાવના હોય... એ જ અરિહંત બની શકે અને એ જ અરિહંત હોય.

શુભેચ્છક :

**સંબંધોને તોડવા કરતા પોતાના અહંકારને છોડવો સારો.**

આવી અવસ્થા ક્યારે પ્રગટ કરી શકાય ? જ્યારે વારંવાર ઉચ્ચારણ કરીએ...

**''અરિહંત અતિશયવંત, તુજને ભાવે કરું હું વંદના,**
**પળ પળ રહો મુજ હૃદયમાં, વિતરાગ એક તારું સ્મરણ,**
**અરિહંત અતિશયવંત.....''**

આ અરિહંતનું સ્વરૂપ કેવું હોય ?

સર્વ વિષય પર વિજય પ્રાપ્ત કરેલ હોય, કોઈ એનુ બગાડી શકે નહીં કે સુધારી શકે નહીં, એવો દૃઢ નિશ્ચયી હોય છતાં સૌ એના શરણમાં છે. સૌનું ભલુ થાય, મંગલ થાય, કલ્યાણ થાય એવી સતત ચોવીસ કલાક જેની ભાવધારા વહેતી હોય, એવુ જેનું અસ્તિત્વ છે એ છે 'અરિહંત'.

સહજ સ્વભાવી છે. **''સવ્વી જીવ કરું શાસન્ રશિ''** – એવી જેની ભાવધારા છે એ છે અરિહંત.

આપણે પણ આવા અરિહંત બનવાનું છે. **''સવ્વી જીવ કરું શાસન રશિ''**, જે પણ આવે એને જે જોઈએ એ હું આપી શકું, સૌનું મંગલ થાય, કલ્યાણ થાય, એવી સતત ૨૪ કલાક અંતઃકરણથી ભાવધારા વહેતી રહે એવા અરિહંત બનવાનું છે.

અરિહંત બનવા માટે જ આપણે અહિં આ ધરતી પર માનવ સ્વરૂપે આવ્યા છીએ ને આ નિર્ણય લેવાનો છે – **''અરિહંત અતિશયવંત, તુજને ભાવે કરું હું વંદના....''** એવા અતિશયોક્તિ Qualities વાળા અરિહંત મારે બનવું છે.

આ નિર્ણય લઈ પ્રભુના ચરણમાં સમર્પિત કરવાનું છે. આ જ અરિહંતનું બીજ આપણી અંદર સ્થાપિત કરવાનું છે. એના જેવા ગુણો આપણી અંદર પ્રગટ કરવાના છે.

જગતમાં જે જીવને જે જોઈએ એ હું આપી શકુ, એની હું સેવા કરું, આ જગતમાં જેટલા જીવ છે એ સૌની હું રક્ષા કરું, કોઈનું અહિત થવા ન દઉં એવો હું રક્ષક બનું અને હું નિતાંત વિતરાગતામાં રહું, મને કોઈ સાથે લેવા દેવા નથી, હું માત્ર પરમ બ્રહ્માંડ છું, વિતરાગ દશામાં છું, ને મને આ વિતરાગ દશા પ્રગટ કરવાની છે.

મને નથી કોઈ ગમો કે અણગમો, ન રાગ કે ન દ્વેષ, હું સેવક છું, સેવા કરવા આવ્યો છું, મને આપ સૌ સેવાનો અવસર આપો... આ સેવા જ મને અરિહંત બનાવશે...

મારા સર્વ દોષનો નાશ કરી અરિહંત બનવું છે. અરિહંત પરમાત્મા આપના ગુણો જે આપના મુખથી, આપની વાણીથી હું સાંભળું છું, એવા મને બનવું છે. ને તમે જ મને અરિહંત બનાવશો કારણ આ જગતમાં આપના જેવું કોઈ નથી. આ જ ભાવધરા સતત વહેતી રહે... બસ...! માટે જ, મહાવિદેહ ક્ષેત્રે વિહરતા વર્તમાન જીવંત તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધર સ્વામીને આપણું સમગ્ર અસ્તિત્વ સમર્પિત કરી એમના ગુણો ગ્રહણ કરી આપણે એમના જેવા બનીશું. તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધર સ્વામીની સતત સાક્ષાત હાજરી... એટલે પરમ પદ પામવાનો સરળ માર્ગ.

જ્યારે પણ આપણે પ્રભુની કૃપા માંગીએ ત્યારે અવશ્ય કૃપા મળે જ... એવી હાજરી છે શ્રી સીમંધર સ્વામીની.

શ્રી સીમંધર સ્વામી જીવંત તીર્થંકર છે અને મહાવિદેહ ક્ષેત્ર ભરતક્ષેત્રથી નજદિક છે. માટે જ આપણા તરંગો એમના સુધી પહોંચે છે ને એમના તરંગો આપણા સુધી. શ્રી સીમંધર સ્વામી એવા સાથીદાર છે, જે આ ભવ નહીં પરંતુ જ્યાં સુધી પરમ પદને નહીં પહોંચીશું ત્યાં સુધી ભવોભવ સાથે રહેશે. એવા માર્ગદર્શક, મિત્ર, સાથીદાર છે જેની હાજરી માત્રથી આપણા જીવનમાં, ઘરમાં, વાતાવરણમાં દિવ્યતા પ્રસરે છે. જીવન સહજ, સરળ બની જાય છે. કોઈપણ Problem હોય, Solution મળી જાય એવી દિવ્યતા છે પ્રભુની હાજરીની. આપણું એક એક પગલું આપણા લક્ષ તરફ આગળ વધતું જાય છે એમની હાજરીથી. Direct contact to God, પ્રભુકૃપા – પ્રભુ સાથે વાત કરતા અનંત જીવનના Problem solve થઈ જાય છે. અભય બની જવાય છે. આવા તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધર સ્વામીનો સાથ જો જીવનભર હશે તો અરિહંત બનવાનો માર્ગ 100% ખુલી જશે. આપણા આખા પરિવારનું અને આપણી આસપાસ રહેતા સર્વ જીવનું મંગલ નિશ્ચિત જ છે. માટે જ શ્રી સીમંધર સ્વામીની સાક્ષાત હાજરી સદાય મેળવવી હોય, સદાય તેમની કૃપામાં રહેવું હોય, એમના જેવા ગુણો આપણામાં આવે અને આપણે પણ એવા બનીએ....! તો અવસર આવ્યો છે **"સમ્યક્ પર્યુષણ પર્વનો" "ઋતુંભરાના દરબારમાં"**, જ્યાં તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધર સ્વામીના સમોવસરણમાં સાક્ષાત હાજરી હશે મરક મરક હસતાં પ્રભુની વિધવિધ સ્વરૂપમાં. જેમને જોતાં જ હૃદયના ભાવ ખીલી ઉઠશે, મન પ્રફુલિત થઈ ઉઠશે... પ્રભુની હાજરીનો સાક્ષાત અનુભવ થશે... ને હૈયું, મન બોલી ઉઠશે 'પ્રભુજી ચાલો આપણા ઘરે' – જીવનભરના અમારા સાથીદાર બનવા... મારે તો તમારા જેવું અરિહંત બનવું છે.

**''અવસર છે સુંદર આવ્યો હેઠે ઉજવજો,**
**માંડવડે લીલાં તોરણ હોંશે બંધાવજો;**
**ભક્તિભાવથી રે... મોતીયન ચોક પૂરાવો,**
**ચરણે પ્રભુના ગુણલા ગાવો... લખજો કાગળિયા.''**

**તા. 22 August થી તા. 30 August, 2014**

**અને હવે અનુભવ કરો,**

**ગયા વર્ષે (2013 માં) જેમના જંગમતીર્થ (ઘરમંદિર)માં પ્રભુજી બિરાજ્યા છે તેમના સ્વાનુભવો તેમના શબ્દોમાં....**

નમો જિણાણં.

**''મુક્તિપુરીમાં જવું મારે, આશા મારી પૂરજો... (૨)**
**ભવભવના સંચિત કરેલા, અષ્ટકર્મને ચૂરજો... (૨)**
**હું માંગુ પ્રભુ એક જ તારી, સ્નેહની સરવાણી,**
**શ્રી સીમંધર સ્વામી કરૂણાનો તું છે કામી...''**

વારંવાર મારા હૃદયમાં પ્રભુની પૂજા, આંગી, અર્ચના કરતાં, ગુણગાન ગાતા હંમેશા ભાવો કરતી... પ્રભુ મારા ઘરે બિરાજમાન થાય. વર્ષોની ઈચ્છા પર્યુષણના બીજા દિવસે પૂરી થઈ. વર્ષ 2013 માં પર્યુષણના બીજે દિવસે નાના બાળગોપાલ સ્વરૂપે શ્રી સીમંધર સ્વામી મારા Husband

**શુભેચ્છક :** **આંખની નજીક પુસ્તક વાંચી શકાતુ નથી, તેવી રીતે આપણી નજીકના લોકોને આપણે ઓળખી શકતા નથી.**

ને સ્પર્શી ગયા. અમને પ્રભુમાંથી નીકળતા તરંગોનો અનુભવ થયો. પર્યુષણના છેલ્લા દિવસે રાતના સમયે સગાસંબધીની હાજરીમાં વાજતે ગાજતે પ્રભુના પોખણા કરી આનંદ ઉલ્લાસ સાથે ગૃહપ્રવેશ થયો. પ.પૂ. ગુરૂદેવની અસીમ કૃપા થઈ. તેમના માર્ગદર્શનથી પ્રભુજીને બિરાજમાન કર્યા. રાતના પ્રભુભક્તિ કરી, આરતી, મંગળ દીવો કર્યો. તે સમયે સૌના ચહેરા પર આનંદ છલકાતો હતો. તે રાતના હું નિંદ્રામાંથી અચાનક જાગી ઉઠી, મને લાગ્યું કે બહારથી મારા ઘરની અંદર Golden પ્રકાશ આવી રહ્યો છે. થોડીક ક્ષણ માટે હું ડઘાઈ ગઈ... આ શું છે ? પછી હિંમત કરતાં પ્રભુ પાસે બેસી ગઈને ''નમો જિણાણં, જિઅ ભયાણં''ના જાપ શરૂ કર્યા. ડર ગાયબ થયો ને પ્રભુની હાજરીનો અહેસાસ થયો. એ દિવ્ય આનંદનો અનુભવ થયો. તેનું વર્ણન શબ્દમાં શક્ય નથી. હવે અમે બન્ને એકલા નથી, અમારી સાથે સદાય પ્રભુ સાથે છે. નિત્ય સાથે રહી સવારની પ્રક્રિયા, જાપ, આરતી, મંગળ દીવો અને શ્રી સિધ્ધચક્ર મહાયંત્ર પર પૂજા–આરાધના સાથે કરીએ છીએ. તેના કારણે અમારા બન્નેના આત્મિક સંબંધો વધારે મધુર બન્યા છે. શરીરનો કે ઘરની સમસ્યાનો માર્ગ જલદી મળે છે. હવે કોઈપણ પરિસ્થિતિમાં પ્રભુ મારા હિતમાં કરશે, પ્રભુ મારી સાથે છે એવા વિચારોથી મનમાં સ્થિરતા અને આનંદ રહે છે.

મારા ઘરની અંદર શ્રી સીમંધર સ્વામીનું મંદિર શોભી રહ્યું છે. આજુબાજુમાં રહેતા જૈન અને અજૈન તેમજ સાધુ–સાધ્વીજી પરમાત્માના દર્શન કરવા આવે છે. તેથી સાધુ–સાધ્વીજીની ગોચરીનો લાભ મળી જાય છે. પ.પૂ. ગુરૂદેવની પ્રેરણાથી શ્રી સિધ્ધચક્ર મહાયંત્રની સ્થાપના કરી છે. યંત્રમાં જીવનના હર પ્રશ્નના Solution છે. જ્યારે પણ પ્રશ્ન ઉદ્દભવે ત્યારે મહામંત્રની સામે બેસી જાઉં છું. મારા હિતમાં હોય તે Solution મળી જાય છે. વ્યવહાર જીવન જીવતાં લક્ષ ભૂલી જવાય છે પણ પ્રભુકૃપાથી માર્ગમાં રહેવાથી પોતાના લક્ષમાં સ્થિર થતાં લક્ષનો વિકાસ થઈ રહ્યો છે. દેવ અને ગુરૂની કૃપાથી મારા અસ્તિત્વનો નિર્ણય છે... હું અનંત બનીને જ રહીશ, અને સહજ, સરળ Short-cut માર્ગ મને મળ્યો છે તે સૌને મળે એવી મંગલ કામના ને પ્રભુકૃપા.

**કલ્પનાબેન વસંતલાલ સાવલા – 9833596020**

---

નમો જિણાણં.

શ્રી સીમંધર સ્વામીને નમઃ

દેવગુરૂની કૃપાથી 2013 માં પર્યુષણમાં અમે બન્ને જણ રોજ આવતા હતા. પર્યુષણનાં બીજા દિવસે મને કાંઈક પ્રભુજીના અંદરથી ભાવ થયા. અને મને વિચાર આવ્યો કે પ્રભુજીને આપણે ઘરે લાવીએ. મારા wife ની ઘણાં વર્ષોથી ઈચ્છા હતી અને તે ઈચ્છા પૂર્ણ થઈ ગઈ. પ.પૂ. ગુરૂદેવના માર્ગદર્શન હેઠળ ગુરૂકૃપાથી પ્રભુજીને ઘરે પધરાવ્યા. હું સવારના પ્રભુજીના દર્શન તથા પૂજા કરું છું અને જાપ કરું છું. જે મારા જીવનમાં ક્યારેય ન હતું તે થઈ ગયું. જે પણ ઘરે આવે પહેલા પ્રભુજીના દર્શન કરીને પછી અંદર આવે. પ્રભુજી આવ્યા પછી ઘરમાં શાંતી તથા શીતળતા વર્તાય છે. કોઈપણ સમસ્યા આવે તેનો માર્ગ જલદી મળે છે. અમે બન્ને જણ રાતના આરતી, મંગળ દીવો તથા પ્રક્રિયા કરીએ છીએ. તેનો આનંદ વર્તાય છે. મારા ઘરની અંદર એક સુંદર Mini દેરાસર શોભી રહ્યું છે. તેમાં પ.પૂ. ગુરૂદેવની અસીમ કૃપાથી શ્રી સિધ્ધચક્ર મહાયંત્ર બિરાજમાન છે. અને અમે બન્ને જણ નવપદની આરાધના કરીએ છીએ. હવે અમારા બન્નેની સાથે બાળસ્વરૂપ પરમાત્મા સાથે છે. જાણે એક અલૌકિક દિવ્યતા અંતરમાં પ્રસરાય છે. ''અરિહંતના ધ્યાને અરિહંત બનુ'' એવા ભાવો થાય છે.

**વસંતલાલ લાલજી સાવલા – બોરીવલી (ઈસ્ટ).**

**મોબાઈલ : 9869902024**

---

પ.પૂ. ગુરૂદેવ શ્રી પંકજભાઈ,

૨૦૧૩ માં પહેલી વખત અરીહંત ચેનલમાં આપનું વ્યાખ્યાન સાંભળ્યું. ત્યાર બાદ રોજ સવારે ૮.૩૦ વાગે મારા જીવનનો નિત્ય ક્રમ બની ગયો હતો આપની વાણી સાંભળવાનો. પછી પર્યુષણ પર્વની તૈયારી નિયમીત advertise આવતી પર્યુષણ પર્વ કરવા ઋતુંભરા કોલેજ આવી.

મેં મનથી વિચાર કરી મારા પતિદેવને કહ્યું હું રોજ શ્રી પંકજભાઈના સાનિધ્યમાં પર્યુષણ પર્વ કરવા અને એમને સાંભળવા દરરોજ જઈશ. મારા હાથમાં ફ્રેકચર હોવાથી પહેલા તો ના પાડી. પરંતુ જો તને ફાવે તો એક-બે દિવસ જઈ આવ કારણકે મુલુંડ વાસુપૂજ્ય જિનલાયથી તમારી બસ service હતી. આવી રીતે નમો જિણાણં પરિવારમાં અમે Life Member તરીકે જોડાઈ ગયા.

પર્યુષણ પર્વના ૮ દિવસમાં જ અમને એક જીવનનો Turning Point નો અનુભવ થયો. અમે રોજ રોજ ઓતપ્રોત થતાં ગયાં. ત્યારે મને થતું કે કેવી સુંદર મજાની પ્રતિમાઓ છે. આમાંની એક હું ઘરે લઈ જાઉં તો કેવું સારું ! અને ઘરમાં સહજ મેં પર્યુષણ પર્વના અંતીમ દિવસે છોકરાને વાત કરી. તેણે કહ્યું મમ્મી તને જે પ્રતિમાજી ગમે તે તું લઈ આવજે. મને નાની પ્રતિમા જ જોઈતી હતી. પરંતુ અમારા ભાગ્યમાં stage પર ગુરૂજીની બાજુમાં બિરાજેલ પ્રતિમાનાં અદ્દભુત દર્શન થયા. પાંચમના દિવસે સામાયિક પૂર્ણ થયા બાદ અમે વાજતે ગાજતે અમારે ઘરે પ્રભુજીની પધરામણી થઈ. અને આનંદનો અહેસાસ કર્યા પછી જે ખુશી અમારે ઘેર થઈ છે જેનું વર્ણન કરતાં હૈયું ભરાઈ જાય છે. એ નિમિત્તે ગુરૂદેવ શ્રી પંકજભાઈ માર્ગદર્શન માટે ઘરે પધાર્યા અને દિશા સુચવી એ બદ્દલ ગુરૂદેવનો ખૂબ ખૂબ આભાર. અમારા આખાય ઘરમાં એક આનંદનું વાતાવરણ છવાઈ ગયું. એક અદ્દભુત શાંતી છવાઈ ગઈ. દિવસે દિવસે છોકરાઓની પ્રગતિ થઈ.

પ્રતિમાજીના દર્શન કરવા આપશ્રી સૌ ભક્તગણને અમારે ઘેર પધારવા નમ્ર વિનંતી.

**પ્રેમીલાબેન જયંતીલાલ મૈશરી – મુલુંડ**

---

નમો જિણાણં.

2013 ની સાલમાં પર્યુષણમાં અમારા ઘરે પ્રભુજી પધાર્યા અને આખા ઘરનું વાતાવરણ Pure થઈ ગયું. મારી અંદર શુદ્ધિકરણ થતું ગયું. પ્રભુ સાથે વાત કરી કે મારે તમારી પાસે મહાવિદેહ ક્ષેત્રમાં આવવું છે અને શુદ્ધિકરણ થતું ગયું. અમારું અને ઘરનું રક્ષણ કરી રહ્યા છે પ્રભુજી એવી Continuous feeling આવે છે. સાક્ષાત સીમંધર સ્વામી જે અમારા ઘરમાં બીરાજે છે એવું feel થાય જ છે. આંતરિક level માં ઘણો ફરક પડી ગયો. બહારથી બધા drama નાટક ચાલ્યા કરે પણ અંદરથી હેરાન થવાનું બંધ થઈ ગયું. મારી દિકરી ભગવાન સાથે વાત કરે છે, પ્રભુજી સાથે પ્રેમ કરે છે. જ્યારે

**શુભેચ્છક :** **જેને માટે તમે કમાઓ છો એને માટે તમારી પાસે સમય ન હોય તો એ કમાણીનો કોઈ અર્થ નથી.**

પ્રભુજી ઘરે પધાર્યા છે ત્યારે જ આ બધું Possible છે. પ્રભુજી ઘરે પધાર્યા છે ત્યારથી હું અંદરથી મજબૂત થઈ ગઈ છું, નિર્ભય થઈ ગઈ છું.

**Alpa Gala - 9867811201**

---

નમો જિણાણં.

કહેવાય છે કે ''ઘર એક મંદિર'' છે. અમારૂં ઘર મંદિર હતું, પણ પ્રભુજીના પધારવાથી દહેરાસરમાં ફેરવાઈ ગયું છે.

મારી સાધનામાં ઉત્તરોત્તર પ્રગતી થતી ગઈ અને નિયમિતતા વધતી ગઈ જે પહેલા અનિયમિતતા હતી.

પૂજ્ય ગુરૂજીના કહેલ એક–એક શબ્દના રહસ્યો ખુલતાં ગયા જેમ કે....

**''બોલ મનવા બોલ મારે નથી થવું હેરાન,**
**મારો પાકો છે નિર્ધાર કે મારે નથી થવું હેરાન....''**

જાણે કે મનને હું કેળવું છું, Suggestion કરું છું, મનને આદેશ આપું છું કે મારો નિર્ણય પાકો છે અને મારું મન એ રીતે જ વર્તે છે.

હેરાનગતી ઘણી જ ઓછી થઈ ગઈ છે. હેરાનગતી ક્યારેક થાય છે. તેનું સમાધાન ત્વરીત થઈ જાય છે.

પ્રભુકૃપા અવિરત વરસતી રહે છે, જે મને પરમ પદને પામવા તરફ આગળ વધારતી રહે છે. જ્યારે મહેમાન આવે છે ત્યારે તેઓને દિવાન ખંડમાં બેસીને તેમના કહેવા મુજબ ઘરમાં ઘણી જ શાંતિનો અનુભવ થાય છે. જ્યારે ''પ્રભુનો દરબાર'' તો અલગ રૂમમાં છે.

સાલ 2007 ના જુલાઈ માસથી અમે ''પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર''થી જોડાયેલા છીએ. ત્યારથી માનસિક, શારિરીક, આર્થિક જીવન વ્યવસ્થા એકદમ સરળ ચાલતી રહી છે. પણ પ્રભુજી પધાર્યા ત્યારથી દરેક કામો ફક્ત વિચારતા જ એવી ક્ષમતા આવી જાય છે કે એ કામ સરળતાથી થઈ જાય છે. ઘર એકદમ ભર્યું–ભર્યું લાગે છે, જે પહેલાં ક્યારેક એકલતા સતાવતી હતી.

**નેમજી વસનજી શાહ**

---

I had done sthapna of prabhuji in my house in 2009, same way I had a feeling to do sthapna of prabhuji in my office in vasai, I called my partner during the 7th day of paryushan 2013 that I have a feeling to bring prabhuji to our office, but immediately he responded that he is not interested(he is a marwadi & non jain ) , however it was prabhujis wish to come to my office, after an hour or so he sent me a sms saying that you can bring prabhuji to the office and also during that period he had done his own introspection in that he realised that he is objecting for arihant parmatma which is very wrong and we have done sthapna of prabhuji in our office , due to this the environment of our office is very good & full of divine energy.

**Alpesh Shah - 9820212816**

---

## ''ત્રિશલા માતાને આવેલ ૧૪ સ્વપ્નોનું રહસ્ય''

**''જે ચૌદ મહાસ્વપ્નો થકી નિજ માતને હરખાવતા,**
**વળી ગર્ભમાંહી જ્ઞાનત્રયને, ગોપવી અવધારતા;**
**ને જન્મતા પહેલાં જ ચોસઠ ઈન્દ્ર જેને વંદતા,**
**એવા પ્રભુ અરિહંતને, પંચાગ ભાવે હું નમું...''**

આજથી ૨૬૦૦ વર્ષ પહેલાનો સમય. ક્ષત્રિયકુંડમાં એક અદ્દભૂત ઘટના.

અચાનક જ બધુ બદલાઈ જાય છે. એ ક્ષત્રિયકુંડની પાવન ધરા પર. આનંદની હેલી વરસી રહી છે. આખા નગરમાં ઘેર ઘેર દિવડા પ્રગટી રહ્યાં છે, બારણે તોરણ બંધાય છે, નગરજનો આનંદના વધામણાં નાચી–ગાઈને મનાવી રહ્યા છે. રાજમહેલમાં પણ આનંદથી સૌ ઝુમી રહ્યા છે, મહેલ દિવડાઓથી ઝગમગી રહ્યો છે. સિધ્ધાર્થ રાજા હર્ષથી નાચી રહ્યા છે, ત્રિશલા માતાના ચહેરા પર અનેરો આનંદ છે. સર્વત્ર આનંદ આનંદ છે. પૃથ્વીલોક પર જીવેજીવમાં, કણેકણમાં અદ્દભૂત આનંદ છે.

અરે, દેવલોકમાં પણ ઈન્દ્ર, ઈન્દ્રાણી, દેવ–દેવીઓ હરખાઈ રહ્યા છે. નરકલોકમાં જ્યાં કોઈ કોઈનું નથી, એકબીજાને મારવા દોડે ત્યાં પણ આનંદ વર્તાય છે. સૌને શાતા મળી રહી છે.

ત્રણે લોકમાં – પૃથ્વીલોકમાં, દેવલોકમાં, નરકલોકમાં આનંદની ઝાકીઓનો સ્પર્શ સૌ કરી રહ્યા છે. એવું અજબ–ગજબનું વાતાવરણ છે. જગત આખાને સુખનો અનુભવ થાય છે.

એવું તે શું થયું એક રાતમાં કે ન ફક્ત ક્ષત્રિયકુંડ પરંતુ સમગ્ર વિશ્વ, પૃથ્વીલોક, દેવલોક, નરકલોક, જીવેજીવ–કણકણમાં... દરેક જગ્યાએ ઉત્સવનો દિવસ આવ્યો ?

એનું કારણ હતું... એ અદ્દભૂત ઉત્તમ રાત્રિ... જ્યારે ગ્રહો, નક્ષત્ર ને તારાની દશા ઉત્તમ હતી. વાતાવરણમાં શીતળતા હતી. પવિત્રતા હતી ને અતિ ઉત્તમ સમય હતો. એ અતિ ઉત્તમ સમયે ક્ષત્રિયકુંડની મહારાણી ત્રિશલામાતાને આવેલ ૧૪ મહાસ્વપ્નો.....!

૧૪ સ્વપ્નો... માત્ર ૧૪ સ્વપ્નોના કારણે આટલું મોટું પરિવર્તન....! એવું તે શું કારણ હતું કે ત્રણે લોકમાં હર્ષની હેલીઓ વર્તાય છે ? જીવેજીવ – કણેકણમાં આનંદ ઉત્સવ છે... ? આ તો માત્ર ૧૪ સ્વપ્ન જ હતાં ! સ્વપ્નાઓ તો દરેકને આવે છે પરંતુ એવું તે શું અદ્દભૂત રહસ્ય હતું ત્રિશલામાતાને આવેલ આ ૧૪ સ્વપ્નાઓમાં... ? આ સ્વપ્નોનો સંકેત હતો તીર્થંકર પરમાત્માના અવતરણનો. પરંતુ ક્યારેય એવો વિચાર આવ્યો ખરો કે તીર્થંકર પરમાત્માના અવતરણના સમાચાર આ સ્વપ્નાઓ દ્વારા જ શા માટે ? અને એ પણ ૧૪ સ્વપ્ન દ્વારા જ શા માટે ?

દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાંથી ત્રિશલામાતાના ગર્ભમાં હરિગમૈશી દેવ દ્વારા transplantation થયા બાદ ત્રિશલામાતા ૧૪ સ્વપ્ન જુએ છે કે મારો લાલ આ જગતમાં આવીને શું કરવાનો છે ? આ ૧૪ સ્વપ્ના એ બીજું કાંઈ નથી પણ આત્મવિકાસનો સંપૂર્ણ માર્ગ છે.

શુભેચ્છક :


બોલનારા કરતા સાંભળનાર જ્ઞાન વધુ મેળવે છે.

This are the fourteen steps of evalution your ownself.

અને એ દર્શન પ્રભુ સૌ પ્રથમ માતાને કરાવે છે. ને ત્રિશલામાતાની આખી ભાવધારા જ બદલાઈ જાય છે. પ્રભુ મહાવીરની પ્રભા અને પ્રભાવ આખા જગત ઉપર પડવાની શરૂઆત થાય છે માતાથી.

માતાને આવેલ આ ૧૪ સ્વપ્નોનો સંકેત જાણવા સિધ્ધાર્થ રાજા રાજ જ્યોતિષને કહેણ મોકલે છે. રાજ જ્યોતિષ પોતાનું ગણિત માંડી, ગણત્રી કરીને તીર્થંકર પરમાત્માના અવતરણના સમાચાર આપે છે ને સિધ્ધાર્થ રાજા અને ત્રિશલામાતાને એક એક સ્વપ્નનો અર્થ કહે છે. ને હવે આપણે પણ આ સ્વપ્નનો અર્થ શું થાય છે અને તે શું સૂચવી રહ્યા છે તે સ્વપ્નનું દર્શન કરતાં અને જગતને કરાવતાં જાણીશું....

**પહેલું સ્વપ્ન – ગજવર :**



ગજવર એટલે હાથી. આ ચૌદ સ્વપ્નનું વિજ્ઞાન જ્યોતિષ મહારાજ બતાવતા કહે છે કે આ માત્ર સામાન્ય સ્વપ્ન નથી પણ તીર્થંકર પરમાત્માનો આ માર્ગ છે.
આ ચૌદ પગથિયાં છે પરમ સિધ્ધગતિ ને પરમ શિવગતિને પ્રગટ કરવાનો માર્ગ છે ને એની અંદર આ પહેલું સ્વપ્ન સૂચવે છે કે, જેને પણ પરમગતિ પ્રગટ કરવી હોય, એ પરમગતિ પ્રગટ કરવા માટે હાથી જેવું સરળ, વિશાળ હૃદય બનાવે એ જ પરમગતિને પામી શકે. સરળતાના ગુણનો વિકાસ કરવો પડશે.

**''પહેલે ગજવર, પહેલે ગજવર,**
**ગજવર દીઠો રે....**
**પહેલે ગજવર દીઠો....''**

દર્શન કરો ગજવરના અને જગતને કરાવો ને સાથે નિર્ણય લો અમે પણ આવા ગજવર જેવા બનીએ. અમારી અંદર પણ ગજવર જેવી સરળતા પ્રગટે જેવી આ ગજવરની અંદર છે.

**બીજું સ્વપ્ન – ઋષભ :**




**''બીજે ઋષભ દીઠો**
**બીજે ઋષભ...(૨), ઋષભ દીઠો રે...**
**બીજે ઋષભ દીઠો...''**

બીજું સ્વપ્ન – ઋષભ શું સૂચવે છે ? ઋષભ એટલે કોઈ દિવસ થાકે નહીં એવુ પ્રાણી. ઋષભ એટલે શ્રમ કરવાવાળુ પ્રાણી. ઋષભ એટલે બોજો ઉપાડવાવાળુ પ્રાણી. અને આવો ગુણ આપણામાં પ્રગટે.... ચોવીસે કલાક શ્રમમાં રહેવું, પુરુષાર્થમાં રહેવું, ભગવાનના માર્ગમાં રહેવું એવા ઋષભ આપણે બનવાનું છે.

ઋષભ – બળદ દ્વારા કહેવા માંગે છે તારે તારું કામ કરવું પડશે, બળદની જેમ જ્ઞાનપૂર્વક. આવા ઋષભના દર્શન જે માતાજીના સ્વપ્નમાં આવ્યા છે એ આપણાં જેવાને સૂચિત કરે છે કે ભાઈ, ગજવર જેવો સરળ બની, ઋષભ જેવો મહેનતુ બની જા, પુરુષાર્થી બની જા.

**ત્રીજું સ્વપ્ન – કેસરી સિંહ :**



**''ત્રીજે કેસરી સિંહ... (૨)**
**ત્રીજે કેસરી સિંહ...(૨)''**

આ સિંહ કેવો છે ? કેસરિયો–કેસર એટલે આપણાં શરીરની અંદર સાત ચક્ર હોય છે. આજ્ઞા ચક્રની ઉપર એક શાંતિ ચક્ર હોય છે અને એનો કલર કેસરિયો હોય છે. એટલે કે જે જીવની અંદરની દશા આનંદ, ઉમંગ, ઉલ્લાસ અને ઉજાસવાળી હોય એની અંદર કેસરિયો રંગ વહેતો હોય. અને એ કેવો હોય ? એ વીર હોય, કોઈથી ગભરાતો ન હોય, એવો આનંદ, ઉજાસ હોય. બસ, એવા કેસરી સિંહ જેવા ગુણ હોય એ આવો અરિહંત બની શકે.

સિંહનો મૂળભુત ગુણ છે ગર્જના પણ કરે છે ને જગતને માર્ગ પણ બતાવે છે.

ભગવાન કહે છે, તારે જો જગતના leader બનવું હશે, નેતૃત્વ કરવું હશે તો તારે કેસરી સિંહ જેવા શૂરવીર, નેતૃત્વવાળો બનવું પડશે.

એમ આ સ્વપ્ન દ્વારા આપણને સૂચિત કરે છે.

**''ત્રીજે કેસરી સિંહ.... (૨)''**

આવા કેસરી સિંહના દર્શન કરતાં અને કરાવતાં આપણે પણ કેસરી સિંહ જેવા બનીએ, એવી આપણી અંતર દશા બને એવો નિર્ણય લઈએ.

**ચોથું સ્વપ્ન – લક્ષ્મીજી :**



**''ચોથે લક્ષ્મી... (૨)**
**ચોથે લક્ષ્મી રે...**
**ચોથે લક્ષ્મી આવિયા...''**

જેની અંદર ગજવર જેવી સરળતા, ઋષભ જેવી કર્મઠતા હોય છે અને કેસરી સિંહ જેવો ઉમંગ, ઉલ્લાસ, ઉજાસ અને શૂરવીરતા હોય છે એને ત્યાં લક્ષ્મી સ્વયં પોતે પધારે છે. એવા લક્ષ્મીજીના દર્શન કરતાં અને કરાવતાં આપણે એમને આવકારીએ...

**''ચોથે લક્ષ્મી... (૨)**
**ચોથે લક્ષ્મી આવિયા...''**

લક્ષ્મીજીને આમંત્રણ આપવું હોય તો આવા ગુણો પ્રગટ કરીને એમનું આહ્વાન કરશું, દર્શન કરશું તો એવા મહાલક્ષ્મી આપણા ઘરે અવશ્ય પધારશે.

**''ચોથે લક્ષ્મી... (૨) ચોથે લક્ષ્મી રે...,**
**ચોથે લક્ષ્મી આવિયા... (૨)''**

આ રીતે સરળપણું ગજવર જેવું, ઋષભ જેવી કર્મઠતા, કેસરી સિંહ જેવી વીરતા અને ઉમંગ, ઉલ્લાસ, ઉજાસ હોય એને ત્યાં લક્ષ્મી સ્વયં બિરાજે છે ને એને આખા જગતનો જશ પણ મળે છે.

શુભેચ્છક :

**મન જ અશાંત હોય તો ભગવા પહેરો કે ગુફામાં રહો કંઈ જ ફર્ક પડતો નથી.**

## પાંચમું સ્વપ્ન – ફુલની માળા :




પાંચમું સ્વપ્ન છે ફુલની માળા એટલે કે જગતની અંદર યશસ્વી બનવાનું બિરૂદ.

**''પાંચમે ફુલની માળા... (૨)**
**પાંચમે ફુલની માળા પહેરે રે...**
**ગજવર, ઋષભ, સિંહ બને જે,**
**પહેરે યશની માળા... (૨)**
**દર્શન કરજો રે,**
**પાંચમે ફુલની માળા... (૨)**

ફુલની માળા એટલે જીવનમાં સુગંધની માળાઓ પ્રસરવા માંડશે. જીવનમાં સુગંધ અને આનંદ પ્રસરાવશે એમ આ સ્વપ્ન સૂચિત કરે છે.

## છઠ્ઠુ સ્વપ્ન – ચંદ્ર :




**''છઠ્ઠે....(૨) ચંદ્ર દિશાણા**
**છઠ્ઠે છઠ્ઠે રે.... ચંદ્ર દિશાણા...''**

ચંદ્ર એટલે નિર્મળતાનું બિરૂદ – પવિત્રતાનું બિરૂદ. પરમાત્મા કહે છે કે લક્ષ્મી અને જશ મળે ત્યારે પવિત્રતા સાચવવી બહુ જરૂરી છે. અરિહંત બનવું હોય તો પવિત્ર બનવું બહુ જરૂરી છે.

ભગવાનના માર્ગને જે ગજવર રૂપે, ઋષભ રૂપે, કેસરી સિંહ રૂપે ગ્રહણ કરે છે એના જીવનમાં શાંતિ, પવિત્રતા, નિર્મળતા પ્રગટ થાય છે. એમ આ ચંદ્રનું સ્વપ્ન સૂચવે છે.

આ ચંદ્રના દર્શન કરતાં ને કરાવતાં નિર્ણય લો કે આપણે પણ આ ચંદ્ર જેવા નિર્મળ, શીતળ, પવિત્ર બનવાનું છે.

## સાતમું સ્વપ્ન – રવિ :



**''રવિ રાતો, રવિ રાતો... (૨)**
**સૂર્ય સમ રાતો... રાતો..''**

સૂર્ય જ્યારે આ ધરતી ઉપર આવે છે ત્યારે ચારે બાજુ આનંદ છવાઈ જાય છે. એમ ત્રિશલામાતાને આ સૂર્ય જ્યારે દેખાણો કે મારો પુત્ર કેવો બનવાનો છે....! કે આ સૂર્ય જેવો બનવાનો છે. સર્વની અંદર આનંદ ભરવાનો છે.

પોતાને જો સૂર્ય જેવુ બનવું હોય, પોતાના જીવનમાં આનંદ, ઉલ્લાસ, ઉમંગ, ઉજાસ પ્રગટ કરવો હોય તો પરમાત્મા કહે છે મારી આ આજ્ઞાને ગજવર રૂપે, ઋષભ રૂપે, સિંહ રૂપે ગ્રહણ કરીશ તો તું પોતે જ સૂર્ય બની જઈશ ને આનંદમય, પ્રકાશમય બની જઈશ.

**''સૂર્ય... સૂર્ય... (૨)**
**રાતો... રાતો... (૨)**
**રાતો રાતો સૂર્ય રે...**
**સૂર્યનો ઉજાસ મળ્યો,**
**સૂર્યનો આનંદ મળ્યો,**
**સૂર્યનો જ્ઞાન મળ્યો રે...**
**પરમ કેવળ જ્ઞાન મળ્યું રે...**
**સૂર્ય... સૂર્ય... સૂર્ય...**
**દર્શન આ જે કરે...**
**સૂર્યનો એ આનંદ પામે રે...''**

## આઠમું સ્વપ્ન – પૂરણ કળશ :



**''પૂરણ કળશ નહીં છોટો રે...**
**પૂરણ કળશ મારા વ્હાલા વીર**
**પૂરણ કળશ વ્હાલા...''**

સર્વ ગુણ સંપન્ન એટલે કે પૂર્ણ કળશ. બોતેર બોતેર કળાઓ જેની અંદર હંમેશા ચાલતી હોય, પૂર્ણતાનો અનુભવ કરતાં હોય અને જે એના સમીપમાં આવે, એના સંપર્કમાં આવે એને પૂર્ણતાનો પ્રકાશ આપે.


**''પૂર્ણ પૂર્ણ પૂર્ણ કળશ...**
**પૂર્ણ કળશ... કળશ...''**

આપણે આવા પૂર્ણ કળશ જેવા બનવાનું છે. બધી વિદ્યાઓ હોય, કળાઓ હોય છતાં શાંત અને સૌમ્ય હોય અને જગતનું આકર્ષણ કરતાં હોય, એવી સમત્વની ધારા વહેતી હોય એનું નામ પૂર્ણ કળશ.

જે સર્વ દૈદિપ્યમાનથી, સર્વ ઐશ્વર્યથી ભરેલાં હોય ને છતાં શાંત અને સૌમ્ય હોય એવા પૂરણ કળશનું દર્શન કરતાં આપણે પણ એવા બનવાનું છે.

**''પૂર્ણ પૂર્ણ પૂર્ણ, પૂરણ કળશ રે....**
**પૂરણ કળશ રે,**
**આવા કળશના દર્શન કરો,**
**પૂરણ કળશના દર્શન કરીને,**
**પૂર્ણતા પ્રાપ્ત કરવાનું પૂણ્ય ભરો...**
**પૂણ્ય ભરો... (૨)**
**પૂરણ કળશ નહીં છોટો રે... (૨)**
**સમતા, વૈરાગ્યના એ કળશ મોટો રે... (૨)**
**પૂરણ કળશ, પૂરણ કળશ...''**

## નવમું સ્વપ્ન – ધ્વજ :



**''ધ્વજ મોટો, ધ્વજ મોટો,**
**ધ્વજ મોટો રે... (૨)**
**ધ્વજ ધ્વજ ધ્વજ રે મોટો...''**


આ નવમું સ્વપ્ન ધ્વજનું સૂચન કરે છે કે, હે માતેશ્રી, આપનો આ પુત્ર જે આવવાનો છે એ જે અરિહંત છે, આ સૃષ્ટિનો રાજા છે, એ સર્વને આનંદની લહેરીઓ આપવાવાળો ધ્વજ બનવાવાળો છે. જે પોતે પણ લહેરાય છે અને સર્વને જીવનમાં લહેરીઓ ભરી આપે છે. એવો આ મોટો ધ્વજ

બનવાનો છે. એની યશકલગી ચારે બાજુ ફેલાશે.

આપણે પણ જો પોતે લહેરમાં રહેવું હોય તો આવા ધ્વજના દર્શન કરતાં નિર્ણય લેવાનો છે.

**''ધ્વજ મોટો, ધ્વજ મોટો ધ્વજ લહેરાય રે... (૨)**
**ધ્વજ લહેરાય, આનંદ લહેરાય રે... (૨)**
**મારો આનંદ, તારો આનંદ,**
**સૌનો આનંદ હો... (૨)**
**આનંદ આનંદ આનંદ**
**એવા ધ્વજ રે મારે બનવું રે**
**ધ્વજ બનવું રે... (૨)**

## દસમું સ્વપ્ન – પદ્‌મ સરોવર :



**''પદમ સોરવર, પદ્‌મ સરોવર...**
**પદમ પદમ પદમ સરોવર...**
**પદમ બનવું મારે, પદમ સરોવર... (૨)''**

પદ્‌મ એટલે કમળ, પદમ એટલે પંકજ. સુગંધિત ફુલ. આ પદ્‌મનો ગુણ છે કે કાદવમાં રહે, સરોવરમાં રહે છતાં અલિપ્ત રહે.

ચારે બાજુ કાંઈપણ હોય પણ પોતે અલિપ્ત રહી શકે. અને એવુ જેનું હૃદય બને, અલિપ્ત બને એ અરિહંત બને, એવું આ દશમું સ્વપ્ન માતાજીને આવ્યું.

**''પદમ સરોવર, પદમ સરોવર રે... (૨)**
**પદમ પદમ પદમ પદમ સોરવર રે...**
**મારૂ હૃદય સરોવર (૨) પદમ પદમ બને રે...**
**એવી કૃપા કરો... પ્રભુ**
**એવા દર્શન કરો... પ્રભુ''**

આવા પદમ સરોવર જેવા નિર્લેપ આપણ ને બનવાનું છે.

## અગિયારમું સ્વપ્ન – રત્નાકર – વહાણ :



**''હું તો વહાણમાં બેઠો પરમાત્મા,**
**હું તો પરદેશી છું જીવાત્મા... (૨)**
**જીવાત્મામાંથી મારે પરમાત્મા બનવું... (૨)**
**મારે પરમાત્મા બનવું રે... (૨)''**

હે પ્રભુ,

મારું આ વહાણ, રત્નાકર એક એવું વહાણ બને કે મારી આ સફરની અંદર મને એવું વહાણ મળે.

આ તીર્થંકર પરમાત્મા એવું વહાણ છે, એમનો માર્ગ એવું વહાણ છે કે જે આ વહાણમાં બેસી જાય છે, પરમાત્માના વહાણના માર્ગમાં, નવકાર મંત્રના વહાણમાં જે પણ બેસી જાય છે એનું અવશ્ય મંગલ થશે એમ ત્રિશલામાતાના આ સ્વપ્નામાં આવે છે.

**''હું છું પ્રવાસી, વહાણનો પ્રવાસી,**
**હું છું પ્રવાસી રે... (૨)**
**પ્રભુનું વહાણ મળે રે,**
**પ્રભુનો આધાર મળે રે,**
**પ્રભુની નિશ્રા મળે રે,**
**પ્રભુનું વહાણ મળે રે...''**

## બારમું સ્વપ્ન – દેવ વિમાન, ભુવન વિમાન :




જેને વહાણ ન ફાવતુ હોય... પરમાત્મા કહે છે મારા માર્ગમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કરી લે એને વિમાનમાં હું લઈ જઈશ.

જે ભગવાનના માર્ગને જીવનમાં ઉતારશે, એ વિમાનની જેમ પોતાના જીવનને સિધ્ધ શિલા ઉપર, પરમ ગતિમાં, પરમ સુખમાં પહોંચાડશે.

**''દેવવિમાન... ઓ જી... દેવવિમાન... (૨)**
**પ્રભુ જેવા વિમાન...**
**એનો માર્ગ એવો વિમાન,**
**સમ્યક્ દર્શન... સમ્યક્ જ્ઞાન... સમ્યક્ ચારિત્ર ને સમ્યક્ તપ,**
**એવું છે આ દેવ વિમાન... પ્રભુનું વિમાન.**
**દર્શન કરો ને પામો અવસ્થાન રે...**
**દેવ વિમાન... દેવ વિમાન... (૨)**

## તેરમું સ્વપ્ન – રત્નોનો ઢગલો :



પ્રભુ કહે છે જે દેવવિમાનમાં હરે ફરે છે એને રત્નનો ઢગલો મળે છે. જે પ્રભુનો માર્ગ સ્વીકારે છે એને કેવળજ્ઞાનનો ઢગલો મળે છે. આવું સ્વપ્ન માતાજીને આવ્યું.

**''રત્નનો ઢગલો, કેવલ જ્ઞાનનો ઢગલો... (૨)**
**એ મારા વીર બને કેવલજ્ઞાની**
**જે એને અનુસરે, એ પણ બને કેવલજ્ઞાની....**
**દર્શન કરો રે... (૨) કેવલનું દર્શન કરો...**
**રત્નગઢનું દર્શન કરો... (૨)**
**કેવલજ્ઞાન પામે વીર સ્વામી**
**પામે ને પમાડે એવા મારા વીર... (૨)''**

## ચૌદમું સ્વપ્ન – અગ્નિ શિખા :



**''કેવલ જ્ઞાન જેને પ્રગટે...**
**એની શિખર ઉપર ચડે રે..**
**ચૌદમે સ્વપ્ને અગ્નિ સમ... (૨)''**

અગ્નિની શિખા જેમ ઉપર જાય છે એમ કેવળજ્ઞાન બાદ સંયોગીમાંથી

શુભેચ્છક :

મૃત્યુને ઓળખ્યા વિના જીંદગીનો આનંદ મળતો નથી.

અયોગી બનીને સિધ્ધગતિને પ્રાપ્ત કરે... એની નિશાની છે આ દિવ્ય અગ્નિ શિખા.

જેને સિધ્ધગતિ પ્રગટ કરવી હોય તો બહુ ભાવપૂર્વક આ ચૌદ સ્વપ્નોના દર્શન કરજો. જેથી કરીને આવા ચૌદ પરિણામો આપણાં જીવનમાં પ્રગટે. બસ, એ જ ધારાથી આ સ્વપ્ન દર્શન છે ને ત્રિશલામાતાને એટલા માટે જ આવ્યા છે. જે જગતને બતાવે છે કે એક અદ્દભૂત મહાન રસ્તો પરમ ગતિને પામવાનો માર્ગ છે અને એનું સૂચન છે આ ૧૪ મહા સ્વપ્નો જે ત્રિશલામાતાને આવે છે.

**''હે... અગ્નિ શિખા ધુમવરજી**
**અગ્નિ અગ્નિ શિખા ધુમવરજી**
**અગ્નિ શિખા રે... ધુમવરજી રે...''**

આ રીતે ચૌદ સ્વપ્નનાં આપણે દર્શન કર્યા. આમ આખો રસ્તો ભગવાન બતાવે છે. કે, આ દર્શન શા માટે કરવાના છે ?

ભગવાન કહે છે આ ત્રિશલામાતાનાં સ્વપ્નો માત્ર ત્રિશલામાતાનાં ન હતાં પરંતુ આ જગતનાં સ્વપ્નો છે કે ભાઈ, તારા જીવનમાં શું પ્રગટ થશે.... ?

તું ગજવર જેવો સરળ બનીશ, ઋષભ જેવો કામગરો બનીશ, જ્ઞાનવાળો બનીશ, સર્વને Solution આપવાવાળો અને નેતૃત્વધારક બનીશ તો તારા જીવનમાં લક્ષ્મી સ્વયં પ્રગટ થશે, સુગંધ પ્રગટ થશે, નિર્મળતા પ્રગટ થશે, સૂર્ય જેવું તેજ પ્રગટ થશે, ચારે બાજુ તને યશ મળશે ને તારું હૃદય કોમળ બની આનંદવાળુ બનશે ને તું પદમ સરોવર બનીશ. તારુ હૃદય કમળ જેવુ નિર્લેપ બનશે. એટલે તુ ભગવાનના માર્ગના વહાણમાં બેસીશ, અને જે ભગવાનની આજ્ઞાના વહાણમાં બેસે એને વિમાનો automatic મળે છે. જે આવા વિમાનમાં બેસે એને ત્યાં રત્નોના ઢગલા થયા વગર રહે નહીં ને છેવટે સિધ્ધગતિ, પરમગતિને વરશે.

ભગવાન કહે છે આ ચૌદ સ્વપ્ના નથી. પંચમગતિ પ્રગટ કરવાનો, સિધ્ધ દશા પામવાનો આ આખો માર્ગ છે. ગુણાત્મક રસ્તો છે, આપણા ગુણો ખીલવવાનો રસ્તો છે.

આ રીતે ત્રિશલામાતા એક એક સ્વપ્ન જણાવતાં જાય છે ને જ્યોતિષ મહારાજ સ્વપ્નાનું રહસ્ય બતાવતાં જાય છે કે આવા મહાવીર જે મહાપ્રકાશ, મહાપ્રભાવી, મહાપુરુષોત્તમ બનવાના છે તે આ ચૌદ સ્વપ્નો સૂચિત કરે છે. ને આપને ત્યાં ત્રણ લોકના નાથ મહાવીર પધારવાના છે.

આ ચૌદ સ્વપ્નના પરિણામ સાંભળીને સિધ્ધાર્થ રાજા આસન પરથી ઉઠીને નાચવા માંડે છે,

**''પુત્ર તીર્થંકર, ત્રિભુવન નમશે રે... (૨)**
**સકલ મનોરથ ફળશે રે... (૨)''**

આપણે પણ આંખ બંદ કરી આ ચૌદ સ્વપ્નના ફરીથી દર્શન કરીએ અને પ્રભુને વિનંતી કરીએ કે મારું આ મનોરથ સફળ થાય. અમે પણ આવા બનશું. અમે પણ અરિહંત પરમાત્માના માર્ગને અનુસરી નવકારમંત્રના વહાણમાં બેસી આ ૧૪ સ્વપ્નોને જીવનમાં સ્થાપિત કરી આપણે પોતે દર્શન કરી આ જગતને દર્શન કરાવી તીર્થંકર પરમાત્માના માતા–પિતા અવશ્ય બનશું.

**''અમે કેવા ભાગ્યશાળી....,**
**ચૌદ સ્વપ્નોના દર્શન કર્યા ને,**
**ફળશે મનોરથ અમારા....,**
**ફળશે મનોરથ ઋતુંભરાના દરબારમાં,**
**ભગવાનના માત પિતા બનવાના,**
**ને સ્વપ્ન દર્શન કરાવવાના... (૨)**
**અમે કેવા ભાગ્યશાળી...''**

હાં, ભગવાનના માતા-પિતા બનવાનો, મહાવીર બનવાનો, ઈન્દ્ર–ઈન્દ્રાણી, છપ્પન દિક્કુમારીકાઓ બનવાનો ને જગતને ત્રિશલામાતાને આવેલ આ ૧૪ મહાસ્વપ્નોનું દર્શન કરાવવાનો અનેરો લ્હાવો લઈ સિધ્ધપદ પામવાનો અવસર આવ્યો છે – **ઋતુંભરાના દરબારમાં** સમ્યક્ પર્યુષણ પર્વમાં મહાવીર જન્મોત્સવમાં.

જ્યાં તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધર સ્વામીની સતત નવ દિવસ હાજરી હોય છે ને સાક્ષાત સમોવસરણ રચાય છે ને પરમાત્માની વાણી **પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી પંકજભાઈ**ના શ્રીમુખેથી અમૃત રૂપે વહેતી હોય છે ને એ વાણીમાં આપણે સતત નવ દિવસ ભીંજાઈશું મહાપર્વ પર્યુષણમાં.

**તા. 22 August થી તા. 30 August 2014**

જીવનમાં ઘણી વખત મહાવીર જન્મોત્સવના દિવસે દેરાસરમાં સ્વપ્ના ઉતરતાં તો જોયા....! પણ સ્વયં ત્રિશલામાતા બની સ્વપ્ન દર્શન કરી જગતને દર્શન કરાવવાનો અવસર આવ્યો છે. તો થઈ જાવ તૈયાર.....

**અવસર બેર બેર નહીં આવે.**

**જીવનમાં તીર્થંકર પરમાત્માના માતા–પિતા બની સ્વપ્ન દર્શન કરાવવાનો અલૌકિક દિવ્ય આનંદ કેવો હોય છે તે જાણો... ત્રિશલામાતા (કલ્પનાબેન વોરા)નો અનુભવ....**

૨૦૧૧મા અમારા ઘરે તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધર સ્વામી અને પ.પૂ. ગુરૂદેવની કૃપાથી પ્રભુજી બિરાજ્યા. પ્રભુજીના આગમન બાદ ૨૦૧૩માં પ.પૂ. ગુરૂદેવની કૃપાથી પ્રભુજીના માતા–પિતા બનવાનો લહાવો મળ્યો.

પ્રભુજીના આગમન બાદ ૨૦૧૩ના પર્યુષણ પર્વમાં મહાવીર જન્મોત્સવના દિવસે પ.પૂ. ગુરૂદેવની કૃપાથી મહાવીર પ્રભુના માતા–પિતા બનવાનો લહાવો મળ્યો. જ્યારથી ત્રિશલા માતા બનવાનું નક્કી થયું ને મારી ભાવધારા જ પલટાઈ ગઈ. એવો અનુભવ થઈ રહ્યો જાણે ખરેખર જ હું મહાવીરની માતા છું. કંઈક અદ્દભૂત અનુભવ થઈ રહ્યો હતો. જ્યારે ત્રિશલામાતાને આવેલ ચૌદ સ્વપ્નોનું દર્શન કરતાં એવા ભાવ આવતાં ગયાં કે ક્યારેક પણ હું તીર્થંકરની માતા અવશ્ય બનીશ ને મારો પુત્ર પણ આવો તીર્થંકર બને.

તીર્થંકરની માતા બનવાનો આ એક અનેરો અવસર હતો જેનું વર્ણન હું શબ્દોમાં નથી કરી શકતી. પણ જીવનમાં જ્યારે પણ સિધ્ધાર્થ રાજા – ત્રિશલામાતા બનવાનો અવસર મળે તો તે ગુમાવવા જેવો નથી. એવો અદ્દભૂત અવસર છે આ આપણાં પરમ ધ્યેય સુધી પહોંચવાનો.

નમો જિણાણં.

શુભેચ્છક :

જળનું ટીપુ પોતાનું અસ્તીત્વ મિટાવે ત્યારે જ સાગર બને છે.

# શ્રી કિશોર ભીમજી સંઘવી પર્યુષણ અનુભવધારા – 2013

**7 માં વર્ષમાં ભવ્ય પદાર્પણ.**

**''નમો જિણાણં''** કહી સૌમાં પ્રભુ દર્શન કરવા ને તેમને પોતાના હૃદયમાં special સ્થાન આપી ભગવાનની ભગવદ્તાનો સ્વીકાર કરવો... આવો દિવ્ય અનુભવ... વર્તમાન તીર્થંકર શ્રી સિમંધર સ્વામીનું સરસ મજાનું સ્મિત... એક મુખડાં પરથી બીજા મુખડા પર દૃષ્ટિ કરો ને મન લહેરાઈ ઉઠે... પ્રભુ, પ્રભુ, પ્રભુ... સૌ સેવકોના મુખમાં એક ઉચ્ચારણ.... આવી આનંદની લહેરીઓ સતત આઠ આઠ દિવસ માંણવા મળી ઋતુંભરા college ના પરિસરમાં. **''પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર''** દ્વારા આયોજિત **શ્રી કિશોર ભીમજી સંઘવી પર્યુષણ અનુભવધારા - 2013** માં **પ.પૂ. ગુરૂદેવ શ્રી પંકજભાઈ**ના સાનિધ્યમાં....

ભરતક્ષેત્રમાં, ભારત દેશમાં 2600 વર્ષ પહેલા મહાવીર નિર્વાણ પામ્યાં પરંતુ આજે પણ તેમનાં બતાવેલ માર્ગ પર આપણે ચાલી રહ્યાં છીએ અને તેમની કૃપાથી જ આજે સીમંધર સ્વામીની સતત હાજરી આપણે માણી રહ્યાં છીએ ને સદ્ગુરૂની વાણી વૈખરી સ્વરૂપે ગ્રહણ કરી રહ્યાં છીએ. આવી સીમંધર સ્વામીની સતત હાજરી માંણવા અને પ.પૂ. ગુરૂદેવની વાણી ગ્રહણ કરવા ઠેકઠેકાણેથી લગભગ બે હજાર ભવિકજનો સિમંધર સ્વામીના સમવસરણમાં હાજર હતા. **''પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર''** તરફથી ભવિકજનોને ભગવાનના દરબારમાં આવવા જવા માટે western line માં બોરીવલીથી અને central line માં મુલુન્ડથી free બસ સેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

દરરોજ એકાસણા, બેસણા, ચૌવિહાર તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

I came to attend the sessions on the 7th day of Paryushan for the first time. The session was intersting and I was really touched with the words of Pu. Gurudev Pankajbhai. I thought that the message of Guruji is accurately rational and also their words are too convincing so people can understand as well as can overcome their problems by implementing the same thinking with deep dedication. I liked the surrounding which is created especially the idols which are kept. They are extremely influencing the thoughts in my mind and I am madly fallen for them by their extraordinary glow.

**Akshat Shah - 9867371933**

---

પૂજ્ય ગુરૂજી,

આપની સરળ ભાષામાં આપેલી ધર્મવાણી અમને ખૂબજ પ્રભાવિત કરી છે. જીવનમાં પહેલી વાર આટલો સુંદર અનુભવ થયો છે. દરેકમાં રહેલા પ્રભુની ઓળખ practically કરી અદ્દભુત આનંદ પ્રાપ્ત કર્યો છે. આમ 'નમો જિણાણં' કહી મનની અંદર ખૂબજ હળવાશનો અનુભવ થાય છે.

બીજી ભક્તિ ભગવાન સાથે તાર મિલાવી યોગનો અનુભવ અવર્ણનીય લાગ્યો. મારામાં રહેલા દોષ પ્રભુની પાસે કબુલી ને પ્રશ્ચાતાપ રૂપી આસું નીકળતા હતાં જે પ્રભુ જોઈ રહ્યા છે તેવું મને અનુભવ થઈ રહ્યું હતું.

**Rita R. Kamdar - 9324779905**

---

## મહાવીર જન્મોત્સવ

આજ દિવસ સુધી જેટલી પણ મહાવીર જયંતીની ઊજવણી કરી એ સર્વમાં અહીંની મહાવીર જયંતીનો આનંદ કાંઈક અનેરો જ હૃદયને માણવા મળ્યો. સાક્ષાત ઉજવણી આપણી હાજરીમાં જ થઈ રહી છે અને આપણે પોતે ત્યાં હાજર રહ્યા હોઈએ એવો આનંદ થયો. આ આનંદ અવર્ણનીય છે જેને શબ્દોમાં વર્ણવવો અશક્ય છે એટલે એટલું જ કહીશ ખૂબ ખૂબ ખૂબ મજા પડી.

**Prabhudas Vasani**

---

પરંપરાગત મહાવીર જન્મ મહોત્સવ વર્ષોથી જોયા છે. ગઈ કાલે અહીંનો જન્મ મહોત્સવ જોયો અને ખૂબ માણ્યો પણ ખરો. અહીં પંકજભાઈના ઉર્મિઓની મહેકથી મધમધતા સંગીતના સુરો થકી મંત્રમુગ્ધ થવાયું. ચૌદ સુપનોનો અર્થ જાણવા મળ્યો. આનંદની અનુભૂતિ થઈ. જે શબ્દાતિત છે.

**ભારતી વખારીયા – 9820289828**

---

મને ઘણોજ અદ્દભૂત અનુભવ થયો. સિધ્ધાર્થ રાજા અને ત્રિશલા માતાનો સવાંદ અને દેવલોકમાંથી દેવો અને ઈન્દ્રની હાજરી વગેરે જોઈને જાણે આ બધુ હમણાં બની રહ્યું છે એવી લાગણી થઈ. ત્યાર પછી, જે ચૌદ સપના ત્રિશલા માતાને આવે છે અને તેના અર્થ જે જ્યોતિષ સમજાવે છે તેની સમજણ પડી. અત્યાર સુધી સપના ઉતારવાની વિધિ વગેરે જોઈ હતી પણ અર્થ સહીત સમજણ ન હતી. આખો પ્રસંગ એટલો પ્રસન્નતા અને દિવ્યતાવાળો લાગ્યો કે મન પ્રસન્ન થઈ ગયું. પ્રસંગમાં ભાગ લેનારાઓને મારા અંતરના અભિનંદન.

**Madhukant M. Lakhani - 9322206656**

---

ભાદરવા સુદ - ૧૦ એ મહાવીરના જન્મ વાંચનનો દિવસ છે. પણ ભગવાન વર્ધમાનનો ચૈત્ર સુદ ૧૩ ના શરીરનો જન્મ થયો હતો. આત્મા જે ધ્રુવ – કાયમી સત તત્વ છે. જે અવિનાશી તત્વ છે પણ પર્યાપમાં ઉન્માદ વ્યય છે.
કાલના દિવસે અહિં ગુરૂદેવે રસબોળ કરી દીધા ને નવા પોતાના મહાવીરનો જન્મ કરાવ્યો. અંદર રસનો આનંદ લેતાં બહાર પદાર્થ - વ્યક્તિ - પરિસ્થિતિ આપોઆપ નીકળી ગઈ. વ્યય થઈ ગઈ. દરેક ક્ષણે નવો નવો ઉત્સાહ, આનંદ હતો. આ આનંદ, પરમઆનંદમાં જ રહે. હું વીર છું, મહાવીર છું, સીમંધર છું, મારી મર્યાદામાં જ રહું છું. મર્યાદાની બહાર ન જઈ શકું એવો મારો કાયમી સ્વભાવ નથી. ખુલાસો આવ્યો બહુ ગમ્યો.

ગઈકાલની રોમાંચની પળો ભૂલી ભૂલાય તેમ નથી. યાદ આવતા ફરી નવો આનંદ પ્રસરી enlarge થાય છે.

**Bharti Mehta - 9322017707**

---

અરિહંત ચેનલ પર પૂજ્ય શ્રી પંકજભાઈના પ્રવચન સાંભળી તથા મારી મમ્મીના personal experience સાંભળી મને ખૂબજ ઈચ્છા થઈ કે હું પણ પંકજભાઈના Divine Scientific વિચારોને સમજવા અને પોતાને (સ્વને) ઓળખવાનો પ્રયાસ કરી શકું. એટલે આજે અહીં સવારથી જ આવી છું અને મને ખૂબ જ ગમ્યું કે I took a good decision. પંકજભાઈએ કેટલી સરળતાથી જીવન જીવવાનો માર્ગ બતાડ્યો. કોઈપણ વ્યક્તિ કેટલી આસાનીથી આનંદ માણી શકે છે, પોતાને કેવી રીતે ખુશ રાખી શકે છે તેના રહસ્યો સમજાવ્યા, જે મને ખૂબ જ ગમ્યું. સમજાયું કે ખરેખર હું એક શિક્ષિત અજ્ઞાની છું અને હવે હું definitely try કરીશ કે હું એક શિક્ષિત, જ્ઞાની બનું અને બીજાને પણ બનાવવામાં મદદરૂપ બની શકું.

આજની યુવા પેઢીને સાચે જ પંકજભાઈ જેવા inspiration ખૂબ જરૂરી છે. I am very happy to celebrate Paryushan with this family (at least last 3 days).

નમો જિણાણં.

**Khushboo Bhavesh Chotaliya - 9768637502**

---

શુભેચ્છક :

તમે ભલે ઈમાનદાર હો દુનિયા તો તમારી ભૂલ જ શોધે છે.

## તત્વ સ્વરૂપ - ૨

### તારાથી ન સમર્થ અન્ય....
### પ્રતિમાથી નહી ભગવાન..

### મારી અંદરનો પ્રેમ ક્યારે પ્રગટ થશે ?

હે અરિહંત પરમાતમા,

આ તારો અગાધ પ્રેમ જોઈને હું દિગ્મૂઢ થઈ જાઉં છું. કેમ કોઈ દિવસ તું મને પુછતો નથી કે તને હું શા માટે પ્રેમ કરૂં, કોક દિવસે તો પૂછ ! તારી પાસે રોજ આવીને હું કાલાવાલા કરૂં છું, મારી અંતરની વાતો કરૂં છું, પણ તારા જેવો પ્રેમ મારી અંદર પ્રગટતો જ નથી. હું જે કાંઈ પણ કહેવા આવુ છું તે બધી મારી જાતને ખાલી કરવા આવુ છું. ખાલી કરીને ઘરે પહોંચુ તો ત્યાં ફરી ભરાઈ જાઉં છું.

હે પ્રભુ,

આવી તો મારી દશા છે પણ મારા જેવા કેટલાય તારી પાસે આવે છે. છતાં તારા પ્રેમમાં કોઈ ફરક નથી. આ પ્રેમનો સાગર જોઈને ગાંડો થઈ જાઉં છું, પાગલ થઈ જાઉં છું કે આ ખરૂં છે અથવા ભ્રમ છે. જો આ ભ્રમ હોય તો મારા જીવનમાં પરિણમન ન હોત એટલે વર્તાય છે કે આ ખરો પ્રેમ છે.

હે અરિહંત પરમાત્મા,

આવો પ્રેમ મારી અંદર પ્રગટ થાય, જેની અંદર કોઈ પણ બુદ્ધિનું તત્વ ન હોય, logic નું તત્વ ન હોય, Reasoning નું તત્ત્વ ન હોય, એવી જાતનો પ્રેમ મારા અંતરમાં ભરી દે જેથી કરી જગતને જોવાની દ્રષ્ટિ બદલાઈ જાય. Problem અને ડખા જગતની દ્રષ્ટિમાં છે જે અંતઃકરણમાંથી પ્રગટ થાય છે. આજે નક્કી કરૂં છું કે તારી સ્તુતિ અને સ્તવના કરતાં કરતાં તારી અંદરનો પ્રેમ, એની જ્યોત મારા અંતરના દિવડાને પ્રગટાવે અને એમાં પ્રેમની જ્યોત પ્રગટ થાય, તારી પાસે આવવાનું આ એક જ કારણ છે.

હે પ્રભુ,

હું તારા પ્રેમનો પાગલ છું કારણ કે મારૂં ગાંડુઘેલું ગાંડપણ, જે કાંઈપણ બોલું તે સાંભળી લે, એક શબ્દ પણ ન ઉચ્ચારતા તારો આશ્રય, એની ધારા, એનો પ્રવાહ સતત વહ્યા કરે છે. એનો અનુભવ કરૂં છું. બસ એવો પ્રેમ મારી અંદર પ્રગટ થાય અને એ પ્રેમ મારી આસપાસ જે જીવ હોય તે સર્વ જીવને, હું એજ પ્રવાહથી કોઈ પણ કારણ વગર એ પ્રવાહનો ફેલાવો કરૂં એવુ સાતત્ય અને એવુ સામાર્થ્ય મારી અંદર પ્રગટ કર..... (૩)

નમો જિણાણં.

જેમ જેમ Scientist બનતો જાય અને પ્રેમ વધતો જાય, વધારે અને વધારે જ્ઞાન પ્રગટતું જાય, તેમ તેમ પ્રેમનો ફુવારો ખુલતો જાય. આપણે ત્યાં Scientist એટલે વધારે ને વધારે જાણકારી મેળવવી. જેમ જેમ જાણકારી વધતી જાય એમ Serious થતો જાય. જ્યાં પ્રેમ વ્યક્ત કરવાનો હોય ત્યાં પણ Research ચાલુ થઈ જાય.

### આપણે પોતાના Mechanic કઈ રીતે બનવું ?

જ્ઞાન, એટલે એક વાક્ય સાંભળ્યું હોય અને જીવનમાં ઉતારવું. એ પચે નહીં ત્યાં સુધી બીજી line મળે નહીં. તત્વચિંતનનું મૂળ અર્ક છે પરિણામ Scientific દ્રષ્ટિ અને Scientific પરિણામ.

અંતઃકરણમાં બે રીતે input આવે છે. હર ક્ષણે present માં કાર્મણ શરીરમાંથી પૂર્વ સંસ્કાર ઉદાયિક રૂપે બહાર આવે. પાંચ ઈંદ્રિયોમાંથી data આવે. આ data મનમાં આવે. કાર્મણ શરીરનો data ચિત્તમાં આવે. Recording પણ વાયા ચિત્ત થાય અને નિકળે પણ વાયા ચિત્ત.

ઈંદ્રિયોમાંથી data આવે, મોહ એમા ગમો કે અણગમો પેદા કરે અને બુધ્ધિને એ પ્રમાણે direct કરે એટલે બુધ્ધિ મનને ઉશ્કેરે. મન કર્મન્દ્રિયોને એ મુજબ ઓર્ડર આપે અને કાર્ય થાય. જેવી intensity recording માં હોય એ પ્રકારે કર્મરૂપ store થાય.

કાર્મણ શરીરમાંથી continuous-flow જે વર્તમાનમાં આવીને result આપે છે એનું નામ ઔદાયિક ભાવ. આત્માનો મૂળભૂત સ્વભાવ પરિમાણીક ભાવ જે નિત્ય હોય છે. એમાં variation હોતા નથી. Variation બાકીના ચાર ભાવમાં હોય છે. (૧) ઔદાયિક (૨) ક્ષય (૩) ઉપશમ (૪) ક્ષયોપશમ. કર્મના સંયોગને લીધે આત્માના આ રીતે પર્યાય બદલાય છે, formation change થાય છે.

Mechanism તૈયાર છે પણ અજ્ઞાનને લીધે ગોઠવણી નથી કરી. Scientist બનવાનો મતલબ છે પોતાનો Scientist પોતે બનવું, પરાધીન ન રહેવું, સ્વતંત્ર બનવું હોય તો પોતાનું mechanism પોતાને આવડવું જોઈએ, એનું નામ તત્વચિંતન.

કર્મના અધ્યયવસાય હર સમયે ઔદાયિક ભાવે ઉદય થાય છે. આ પાછા અંદર જાય એવું કામ કરવું જરૂરી છે. યાદ એટલું રાખવું કે જે ઉદયમાં આવ્યું એનો ક્ષય કરી નાખવું અને ઉપશમ એટલે pending રાખવું.

શુભેચ્છક :

મોત તો ફક્ત બદનામ છે, બાકી તકલીફ તો જીંદગી આપે છે.

ક્ષય એટલે કર્મને જોવું, એનું કામ પતાવીને ખતમ કરવું. કામ ક્ષયનું કરવાનું છે એટલે ક્ષાયિકભાવ સૌથી મહત્વનો છે. ક્ષાયિકભાવ ઉભો કરવાનો છે. આ ભાવ ''મારે નથી થવું હેરાન''થી ઉભો થાય. આ ધ્યાનમાં રહેશે તો ક્ષય થશે.

આ કરતાં કરતાં આપણા ભાવ steady ન રહે એટલે ક્ષયોપશમ થાય. યાદ રાખવું એટલે ઉપશમ, વધારે યાદ રહ્યું તો ક્ષય. એ બન્ને ન હોય તો ઔદાયિક ભાવ થઈ store થઈ જાય. આવી રીતે સતત ચાલે છે અને આજ mechanism છે.

Meditation એટલે જાગૃત રહેવું. પ્રતિક્રિયા કરવા તરફ જાગૃત રહેવું. પ્રતિક્રિયા એટલે કષાય અને free of કષાય અવસ્થા ધ્યાન. અહીં જેવી જાગૃતિ હોય એટલે પહેલા ઉપશમ થાય. જો જાગૃતિની intensity વધારે હોય તો તરત ખતમ થાય. આપણે જાગૃતિ વધારવાની વાત કરવાની છે.

### તત્વાર્થ સૂત્રમાં કહ્યું ''એકાગ્ર ચિંતા નિરોધ ધ્યાન''

એક આગ્રહ, સાતત્ય, ક્યાંય વચમાં gap ન આવે એવી રીતનું એકાગ્ર પણું. જે કાંઈ પણ હમણાં ઉદ્દભવે એની સામે પ્રતિક્રિયા કરવી એનું નામ ચિંતા. આનો ક્ષય કરવો, ચિંતામાંથી મુક્તિ પ્રાપ્ત કરવી એનું નામ નિરોધ. (નિરોધ એટલે નિવૃત્તિ, મુક્ત થવું)

એકાગ્ર પણે જે ચિંતામાંથી મુક્તિ કરે, એ જે અવસ્થા છે એનું નામ ધ્યાન, is equal to સામાયિક. ભગવાને આવું સામાયિક સમજાવ્યું છે. આવું એકાગ્ર જો ૪૮ મિનિટ થવા લાગે તો કેવળજ્ઞાન સુધી પહોંચી જવાય. ૪૮ મિનિટ એટલે એક અંતરમુર્હત.

**જીવની અંદર ભાવ કયા કારણસર આવે છે ?**

જીવ એટલે જડ અને ચેતનનું combination. શાસ્ત્રમાં કહ્યું છે દર્શન–જ્ઞાન ગુણ જેનામાં હોય એ ચેતન. સાદી ભાષામાં ચેતન એટલે જોવું, જાણવું અને અનુભવવું (**સત્ત–ચિત્ત–આનંદ**).

તત્વાર્થ સૂત્રમાં મોક્ષમાર્ગ માટે કહ્યું, ''**સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્રાણી મોક્ષ માર્ગ**''.

મોક્ષ એટલે મુક્તિ, સ્વતંત્રતા, આનંદ. જેને એ આનંદ મેળવવો છે એનું દર્શન–જ્ઞાન–ચારિત્ર સમ્યક્ હોવું જોઈએ.

દર્શન એટલે જોવું અને સમ્યક્ દર્શન એટલે સમ્યક્ રૂપે જોવું. ભગવાને સમજાવ્યું, જીવનમાં અંતઃકરણ છે એમાં કર્મનો ઉદય થાય છે. એટલે આત્માનો ભાવ બદલાય છે. એ સમયે દર્શનમાં જાગૃતિ રાખીશ તો એ કર્મનો ક્ષય થશે અથવા ઉપશમ થશે. આ રીતે હરક્ષણને જોવી હર ઘટનાને જોવી. અત્યાર સુધી વ્યક્તિ–વસ્તુ–પરિસ્થિતિ કહેતાં હતાં પણ હવે કહેશું વ્યક્તિ–વસ્તુ–પરિસ્થિતિ ઔદાયિક ભાવને લીધે ઉભા થતાં હતાં અને વર્તતા હતાં, એને એ પ્રમાણે જોવું એ સમ્યક્ દર્શન. એવું દેખાય એટલે ક્ષાયિક ભાવ ઉભો થાય.

જે ક્ષય કરાવે એ સમ્યક્ દર્શન. આપણે જગતને Scientific રીતે જોઈ શકીએ એટલે આપણને એના ઉપર તિરસ્કાર ભાવ ન આવે. Scientific રીતે જોઈએ એટલે લાગણી ઉત્પન્ન ન થાય કારણ કે એ મારો જ ઉદય છે અને એ માટે ઘટના ઘટી રહી છે.

જે જીવ લાગણી ન થાય એવી દ્રષ્ટિ ઉભી કરે એ દ્રષ્ટિનું નામ સમ્યક્ દર્શન. આ છે તત્વનું સ્વરૂપ.

જે સમજ લીધી એ પ્રકારે સતત જાગૃતિ રાખવી, જાણમાં રહેવું અતિ આવશ્યક છે. જેવું એ જાણમાં ભૂલાઈ જાય એટલે પ્રમાદદશા અને સમ્યક્ દર્શન નીકળી જાય અને મિથ્યાદર્શન થઈ જાય. જાગૃતિ સમ્યક્ જ્ઞાનનો વિષય છે અને જેવુ સમ્યક્ જ્ઞાન આવે એટલે સમ્યક્ દર્શન આવ્યા વગર રહે નહીં.

### આ સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર રહેતું કેમ નથી ?

આપણું અત્યારનું શરીર જડ અને ચેતનનું combination છે. દેખાય છે ફક્ત જડ અને ચેતન દેખાતું નથી એટલે પ્રેમ જડ સાથે વધુ થાય છે. જડ જ્યારે રૂપવાળું હોય છે ત્યારે એનું આકર્ષણ થાય છે. એની સાથે પ્રેમ થાય છે. મોહને કામ કરવાનું નિમિત્ત જડ છે.

જડથી રૂપ ઉભું થાય અને પછી મોહ કામ કરે છે. મોહ ને chance એટલા માટે મળે છે કારણ કે માલિક સૂઈ ગયો છે. જડ અને ચેતનનો અનંતકાળથી સબંધ છે, સંયોગ છે. એ સંયોગની અંદર ચેતન સૂઈ જાય છે એટલે મોહ કામ કરી જાય છે.

સમ્યક્ ઉભુ કરી જડ ચેતનનો ભેદ સબંધ અને અભેદ સબંધ ઓળખવો એટલે automatic ભેદ તૂટી જશે. સમ્યક્ જ્ઞાનની search light પડશે એટલે છૂટા પડી જશે.

ભૂલ ક્યાં છે ?

સમ્યક્ જ્ઞાનની search light પડતી નથી એટલે આપણે ભૂલી જઈએ અને આખો દોષ એમાંથી ઉભો થાય છે.

નમો જિણાણં.

શુભેચ્છક :

તમે કેટલા ખૂશ છો એ નહીં તમારાથી કેટલા ખૂશ છો એ જુઓ.



**૧. અનસન એટલે શું ?**

**જ.** અનસન એટલે ભૂખા રહીને જીવનને સમાપ્ત કરી નાખવાનું. આ બહુ મોટો ચર્ચાનો વિષય છે. આજની કોર્ટ એને આત્મહત્યા કહે છે. અનસન એટલે અન-અસન. અસન એટલે અન્નનો ત્યાગ કરવો. અન્નનો અસ્વીકાર કરવો. એ તમે બે મીનીટ પણ કરી શકો, પાંચ મીનીટ પણ કરી શકો, સવારના કરી શકો, રાતના કરી શકો, બપોરના કરી શકો, બાથરૂમમાં કરી શકો, કામ કરતા રસોડામાં એ કરી શકો. એને કોઈ time fix ને time bar નથી. એટલે જીવનના end માં થાય એવું નથી.

આપણે જેને ઉપવાસ કહીએ છીએ એ પણ અનસન છે. એકાસણું છે એ પણ અનસન છે. બ્યાસણું છે એ પણ અનસન છે. ચૌવિહાર છે એ પણ અનસન છે. અન્નનો, આહારનો ત્યાગ કરવો. It is not only a process of dyeing. એટલે એ લોકો જે કરે છે એણે એવું નક્કી કર્યું છે કે હવે અમારે પ્રભુના શરણમાં આ દેહનો ત્યાગ કરવો છે. એટલા માટે એ લોકો ખાવા-પીવાનું છોડે, અને એ પણ ભગવાન કહી ગયા છે તમારા મનમાં આવે તેમ નહીં કરવાનું.

સૌથી પહેલા એ સદ્‌ગુરૂની આજ્ઞા લેવી પડે કે હું લાયક છું કે નહીં ? ઘરમાં મોટી ઉંમર થઈ ગઈ એટલે નાનાવાળા શું કરે કે એને અનસનની બહુ ઈચ્છા છે. સૂડી ઉપર ચડાવી દે. અને ઓલાને ન કરવું હોય તો એ હવે બોલાય નહીં, મારાથી પાપ થઈ જશે જો હું આમ બોલીશ તો. અને બીજી વાત એ પણ છે અનશન લે તો એમ થાય કે આ જો કેટલા લોકો દર્શન કરવા આવે છે ? કેવી જાહોજલાલી થાય છે ? એ તો જે કરતા હોય એને ખબર પડે કે શું થાય ? આમથી તેમ ઝોલા ખાય, તરફડીયા મારે. જે લોકો આજુબાજુ હોય એ જલ્લાદ બની જાય. ઓલા પાણી, પાણી માંગતા હોય તો કે નહીં હવે પતી ગયું, હવે તમારે જવાનું છે, પચ્ચખાણ લઈ લીધા. આવું થવાની સંભાવના છે, એનું કારણ અપરિપક્વતા છે.

અનસન એટલે દેહત્યાગ કરવો એમ નથી. એ તો જેણે બાર-બાર વરસની તૈયારી કરી હોય, એ stage સુધી પહોંચવાની. આત્માના શુધ્ધિકરણ માટેની આ અંતિમ પ્રક્રિયા છે. એ કોઈ મામુલી વસ્તુ નથી કે માંદા પડયા કે ડોસા-ડગરા થઈ ગયા એટલે અનસનની સૂડી ઉપર ચડાવી દો.

અંદરની શાંતિ અને આનંદના વિકાસની યાત્રા છે અનસન. અનસન એટલે ખાઈ-પીને Celebration કરીએ એવું જ Celebration ખાધા વગર કરવાનું. ખાવા-પીવાનું છોડી જલસા કરી શકે એવી તૈયારી કરવી પડે. એવી તૈયારી કરતા કરતા છેવટે એમ થાય કે આયુષ્યનો થોડોક સમય બાકી છે એવુ લાગે એ પણ આપણને નહી ગુરૂને ખબર પડે. એવી દશામાં ગુરૂ આજ્ઞા આપે અને એમને લાગે કે આ આનંદમય જશે. દેહ સમાધિમાં છોડશે, તો એ સમાધીનો વિકાસ થશે ત્યારે એવી પ્રક્રિયા કરવામાં આવે.

અનસન એક ગંભીર પ્રક્રિયા છે. આત્મા ઉન્નતિની, આત્મવિકાસની પ્રક્રિયા છે. સમાધિની ચરમસીમા છે. એ અંદરની આત્મજાગૃતિ છે. ચિત્ત પ્રસન્નતા છે. એ જ્યારે દેહ છુટે ત્યારે દેખાય પણ નહી, આહાર છોડ્યો હોય એવું લાગે નહીં. હસતાં મુખે દેહ છોડે. પણ, એ દશા ક્યારે પ્રગટ થાય ? જ્યારે Internal training લીધી હોય. આંતરિક તૈયારીઓ કરી હોય, એના પગથિયા છે. એ આનંદ ઉત્સવનો પર્વ છે. અનસન એટલે મારું જીવન કેવી રીતે પણ ગયું પણ મારો અંત આનંદવાળો જાય, ઉજાસવાળો જાય, જલસાવાળો જાય.

ખાઈને જલસા થાય એવું નથી, ખાધા પીધા વગર પણ જલસા કરી શકાય. પણ, એની એવી તૈયારી કરવી પડે. આ ગંભીર પ્રક્રિયા છે. સમાધી મરણ કહેવાય. આ મરવાની પ્રક્રિયા નથી કે આત્મહત્યા કરવાની પણ પ્રક્રિયા નથી કે કોઈને સૂડી ઉપર ચડાવવાની પ્રક્રિયા પણ નથી. સમાધિ પ્રગટ કરવાની પ્રક્રિયા છે.

**૨. આખી રાત શરીર હલે છે ?**

**જ.** આ એમનું Psychosomatic Problem છે. એક જાતનું trigger દબાવો એટલે શરીર હલવા માંડે. ક્યાંક એવું tension આવે એટલે (trigger) શરીર હલવા માંડે.

'આપણાં અસ્તિત્વ'માં આપણું શરીર બહારનું ખોખુ છે. એને પ્રાણતત્વ ચલાવે છે. એ પ્રાણધારાને O.K. કરીએ તો પ્રાણની અંદરની defects o.k. થાય પ્રાણમૈત્રીથી. આ પ્રાણધારા પણ આંધળી છે એનો control અંતઃકરણ પાસે છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર. આ હલવાનું શું કારણ છે ? મનની અંદર કોઈક એવો દોષ છે. ચિત્તની અંદર એ દોષ પ્રાણને activate કરે અને પ્રાણ એ રીતે શરીરને હલાવે છે. શરીરમૈત્રી, પ્રાણમૈત્રીથી temporary શરીરને હલતું stop કરી શકાય. પણ ચિત્તમાં જે કેસેટ રાખી દીધી છે હલવાની એને delete કરવી પડશે. કારણકે જેવો કોઈ tension વાળો વિચાર આવે 'દોષ'ને કારણે, અંદર Chemistry થાય કે જેનાથી ધ્રુજારી એક એક layer ચિત્ત - પ્રાણ - શરીર પર પડતી જાય. એટલે શરીર unbalance થાય છે. અને એ વ્યક્તિ એને balance કરવા જાય એટલે શરીર હલે. આમાં વ્યક્તિએ



પોતે જ પોતાના Observer બની જોવાનું છે, હલવાનું શરૂ થાય તેની પાંચ મિનીટમાં કયા કયા વિચાર આવ્યા તે જોવાનું છે. હવે જે વિચારથી આ trigger દબાય છે તે વિચારને delete કરવાના છે પ્રક્રિયા દ્વારા. પ્રભુકૃપા એટલે શું ? Cosmic વાતાવરણને accept કરીએ છીએ. એનો સ્વીકારભાવ કરીએ એટલે automatic આપણું મન, બુદ્ધિ, ચિત્ત, શરીર, પ્રાણ સ્થિર થવા લાગે. એટલે આ Problem નો Solution simple છે. હૃદય ખોલીને સવારના પ્રભુકૃપાનો સ્વીકાર.

**૩. શારીરિક અને આર્થિક ચિંતા છે. Nurologic Problem છે. શરીરના અંગો અમુક રીતે વાંકાચુકા ચાલવા માંડે છે.**

જ. This are all interrelated thing. શરીરનો problem હોય પણ એનો દોષ અંદર છે. Unless કે શરીરમાં external ફટકો લાગ્યો હોય, Accident થયું હોય તો એનું Solution mechanically, surgically O.K. કરી નાખવાનું. Physical damage ને healing થી improve કરી શકાય પણ O.K. ન થાય.

આપણી અપેક્ષા એમ હોય કે આપણે Normal, fit, O.K. થઈ જશું. આટલી બધી પ્રક્રિયા કરીએ છીએ તોય કંઈ result નથી મળતું ? એમ નથી... એનું કામ અંદર થાય છે. પણ આપણું expectation એવું હોય છે એકદમ O.K. થવાનું. કોઈ train accident માં અથવા કંઈક વાગવાથી એવો જખમ પડી ગયો હોય જે ડાઘ life time રહે. અહીં આપણે ચિંતાઓ, આમ કેમ થઈ ગયું ! મારું નસીબ જ આવું છે. કેટલું આંર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરીએ છીએ. આની પાછળ રડવાનું નથી. જેમ જેમ ચિંતાઓ વધતી જશે, વસ્તુ વધારે બગડતી જશે. કારણ ચિંતા એ અંતઃકરણ સાથે connected છે. અંતઃકરણનું distrubance પ્રાણમાં આવે છે અને પછી શરીરમાં આવશે. એટલે Physical Damage હોય તો સારા Surgeon પાસે જવાનું અને Physically O.K. કરવાનું. સાથે સાથે આપણી બધી પ્રક્રિયા ચાલુ રાખવાની એટલે આ Cosmos ની અંદર જે કંઈ પણ best હશે એવુ મળશે. પોતાની મેળે સુઝબુઝ આવતી જશે. આપણે right વ્યક્તિ પાસે પહોંચશું. પ્રભુકૃપામાં કહેવાનું કે હે પ્રભુ, જે મારા માટે યથાયોગ્ય હોય એવી વ્યક્તિ, એવી વસ્તુ, એવી પરિસ્થિતીનું સર્જન કરજો. અને મારું અસ્તિત્વ, મારા પગ એ દિશામાં દોડે. અને આ માંગતા પહેલા સૌથી પહેલા ભૂલનો સ્વીકાર કર કે જે થયું એ મારી ભૂલ જ છે.

**૪. મને પગમાં દુખાવો છે અને આર્થિક હાલત સારી નથી. બહુ મહેનત કરું છું પણ response કંઈ આવતો નથી ?**

જ. જે પણ વ્યક્તિએ આ વેદના વ્યક્ત કરી છે એ વાસ્તવિક્તા છે, Fact of life. Part I, II પણ કરેલું છે. સત્સંગમાં પણ જોડાયા છે. આ શું સૂચવે છે કે Part I, II (નવ મહીના) કોર્સ કર્યા, મને આવડી ગયું, બસ પતી ગયું. Problem ત્યાંનો ત્યાં જ ઊભો છે. સત્સંગ joint કર્યા પછી પણ problem ચાલુ છે. That shows કે હજી સમજમાં આવ્યું નથી. Decide જ નથી કર્યું. આ Celebration સત્સંગ છે. We have to decide to celebrate. જે કંઈ પણ છે જીવનમાં એ છે. O.K., fine, that does not stop you to celebrate. આવું નક્કી કરવું અને ભગવાનનું શરણું સ્વીકારવું. Formula is one and common. Just decide to celebrate. I will enjoy, come what may. અરે ભાઈ, આખી સૃષ્ટિમાં તું top most છે. તારી પાસે શું નથી ? હાથ, પગ બરાબર ચાલે છે, ઘરમાં રહે છે, કપડાં પહેર્યા છે, ખાવાનું મળી રહે છે. અમુકને અઠવાડિયા સુધી કંઈ નથી મળતુ. એવું તો નથી ને ? બધું જ છે છતાં આને લાગે છે કે મારો આ problem છે. એટલે problem નો ભાર એને લાગે છે. એ વજન એને દર્દ પેદા કરે છે, પગ દુઃખે છે, હાથ દુઃખે છે. તેમાં પણ જ્યારે પ્રક્રિયા કરવા બેસે ત્યારે બધુ દુઃખવા લાગે. બાકી આમ O.K. હોય. હવે આમાં પહેલા તો decide કરવું પડશે કે I want to celebrate. ચાલો, બધા સાથે બોલીએ ''હું હર ક્ષણજીવનને ઉત્સવ બનાવીશ. એના માટે જે કરવું પડશે એ હું કરીશ. એના માટે જ હું આ સત્સંગમાં આવ્યો છું.'' Life માં હંમેશા we have to decide કે I want to become this and win to it. જે કંઈ પણ થાય, મારે life ને celebrate કરવી છે.

શારીરિક તકલીફ માટે શરીરમૈત્રી, પ્રાણમૈત્રી, શુધ્ધાત્મા નમસ્કાર યોગ. આર્થિક Problem નો solution – ભૂલનો સ્વીકાર. પ્રભુ પાસે ખરા હૃદયથી આવેલી તકલીફનો સ્વીકાર કરવો. 'હે પ્રભુ, હે અંતર્યામી, આ મારો જ અંતરાય છે. એ અંતરાય મારી ભૂલ છે એનો હું સ્વીકાર કરું છું. મારા જીવનમાં જે આર્થિક તકલીફ છે એનો હું સ્વીકાર કરું છું. એવુ કંઈક થઈ ગયું છે મારાથી કે જેના કારણે આ દ્વિધા ઊભી થઈ છે. હવે હું જાગૃત છું. બસ હે પ્રભુ મને આમાંથી મુક્ત કરો. હે પરમાત્મા, આપ કૃપા કરો અને એના માટે જે કંઈ પણ મહેનત કરવી પડે તે કરવા માટે હું તૈયાર છું.'' બસ આવો અરજભાવ કરો. ત્રણ મહિના સુધી સતત આજ કૃપા માંગો. ત્રણ મહિના પછી automatic રસ્તા દેખાવા લાગશે. પ્રભુકૃપા અને સદ્ગુરૂ કૃપા જ્યાં હોય ત્યાં કોઈ તકલીફ જ નથી. આને Centre Point માં રાખો. ❐

**સંસાર શું છે ?**

વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ અનુરૂપ જે data આપણાંમાંથી બહાર આવ્યા એની સાથે જે IDENTIFY કર્યું, એજ સંસાર છે.

જે વસ્તુ જેમ છે, એમ એને નથી જોવુ, પોતાનો Colour નાખીને એના specification પોતે બનાવ્યા છે. જો પોતાનો Colour બાજુએ મૂકી અને વસ્તુ, જે રીતે છે એ રીતે જોવાનુ હોય તો એ ''ભ્રમ'' નથી.

**આખી રમત ક્યાંથી ઉભી થાય છે ?**

**પ્રોબ્લેમ ક્યાંથી ઉભા થાય છે ?**

પોતાના specification ઉભા કર્યા એજ 'ભ્રમ' છે અને એ 'ભ્રમ'માંથી આખો સંસાર ઉભો થાય છે. આપણી અપેક્ષાઓનું આખુ દ્રશ્ય નિર્માણ કરીએ છીએ, that નિર્માણ એજ 'ભ્રમ' છે.

અમુક આપણાં અનુભવો છે એને આપણે Store કરેલા છે. આપણે movie જોઈએ એમાં શા માટે હસીએ કે રડીએ ? નવ જાતના રસો આપણે ઉભા કરીએ, એ નવ જાતના રસો આપણે ક્યાંથી ઉભા કર્યાં ? આપણી જે ધારણા છે, data છે એની સાથે એ રસ મેચ થાય, એટલે એ પ્રમાણે હસીએ કે રડીએ છીએ.

એ રડવામાં પણ સુખ છે. બધી ભાવનાઓમાં સુખ લાગે, પણ એ સુખ નથી, કારણકે એ સામે પક્ષના આધારે છે.

**આખી દુનિયા ક્યાંથી ઉભી થઈ ?**

પોતાના Data Bank માંથી બધા Character ઉભા કર્યા અને એની સાથે વ્યવહાર થયો. સતત ભાવનાઓનું આદાન પ્રદાન ચાલુ હોય, સુખ દુઃખના સંવેદન ચાલુ હોય, જે Bank Database Bank હોય, એ reality મુજબ નથી. Reality મુજબ નથી એનું નામ 'ભ્રમ' અને આજ સંસાર છે. મારી અંદર data feed કરેલો છે એનો ઉપયોગ કરૂ એટલે જોડાણ શરૂ થાય છે. જે reality નથી એની અંદર આપણે emotion નાંખી, પોતાના વણમાંગ્યા colour ઉમેર્યા અને એક પિક્ચર ઉભુ કરી વર્તમાનને બગાડીએ છીએ.

''જેનુ વર્તમાન બગડ્યુ એનું ભવિષ્ય બગડ્યુ.''

દ્રોણાચાર્ય original, જે કામ ન કરી શક્યા તે કામ એમની મૂર્તિ એ કર્યું.

ગુરૂ એ તત્વ છે, એ કોઈ વ્યક્તિ વિશેષ નથી. એ તત્વ જ્યારે અંદર પ્રગટ થઈ જાય પછી પત્થરને પણ સામે રાખીને એમાં ભાવ આરોપણ કરો તો એ પણ જીવંત થઈ જાય.

વ્યક્તિ તો incomplete છે. એની અંદર છદમસ્તતા હોવાથી લાગણીનો કોથળો છે. એ ક્યારે ખોવાઈ જશે એનુ ભાન નહીં રહે. આપણને રવાડે ચડાવી દેશે.

ગુરૂ તત્વ અંદરથી પ્રગટે છે.

ગુરૂ શિષ્યના સબંધની અંદર ખાલી માર્ગદર્શન આપવાની શક્તિનું મહત્વ નથી. સૌથી પહેલું મહત્વ ઋણાનુબંધનું છે. ગુરૂ-શિષ્યનો સબંધ, is based only on this.

ત્યાર બાદ એનો વિકાસ.

સામે જે વ્યક્તિ બેઠી છે એને મહત્વ નથી આપવાનું, વ્યક્તિને ગૌણ બનાવી દેવાની છે.

'તત્વ' શું છે, Direct એના ઉપર focus કરવાનું. કોઈપણ ગુરૂ હોય, every body is incomplete. લાગણીવેડાઓને બાજુએ મૂકશું ત્યારેજ આધ્યાત્મમાં enter થવાને સક્ષમ થશું. એનો મતલબ એમ પણ નથી કે લાગણી ન દેખાડવી, પરંતુ એનો મતલબ છે ''વિવેક'' પૂર્વક લાગણીનો ઉપયોગ કરવો.

ક્યાં કઈ લાગણીને, કેટલા સ્થાન સુધી, કઈ રીતે મર્યાદામાં લઈ જવી અને ક્યાં એનો constructive ઉપયોગ કરવો અને ક્યાં કઈ રીતે પ્રદર્શિત કરવો અને ક્યાં એને સંકોચી લેવી. આ આખું જ્ઞાન ઉભુ કરવું.

ગુરૂ શિષ્યના સંવાદની અંદર, 'સબંધ' થવો બહુ મહત્વનું છે. આ ભાન થવું અને આ ભાન સહિત ઝુકી જવું એજ ''ગુરૂવંદના'' છે. અનુકુળનો સ્પર્શ કરવો, અનુકુળની અંદર enter થઈ આખી વસ્તુ ગ્રહણ કરવી એ શિષ્યત્વ. અનુકુળ સાહજિક મળે, અને ન હોય તો અનુકુળ ઉભું કરવું, પ્રસન્નતા ઉભી કરવી. વંદનમાં પણ આજ વસ્તુ છે. આમા જવાબદારી શું ગુરૂની, શિષ્યની કે જે લેનાર છે એની ?

લેનાર છે એની કાબેલિયત છે.

જેમ જેમ આપણી લાક્ષણિકતા ઉભી કરશું, એમ એમ એવી વસ્તુ પ્રાપ્ત થતી જશે. જે પ્રશ્ન લઈને બેસશું એનો ઉકેલ મળી જશે, provided આ સામર્થ્ય શિષ્યે ઉભુ કરવું પડે. એવી ઈચ્છાશક્તિ ઉભી કરો, એની પ્રાણ પ્રતિષ્ઠા કરો. આ સ્થાપિતપણુ બહુ જ અગત્યનું છે. આ ગુરૂની હેસિયત નથી, ફક્ત શિષ્યની જ છે.

શિષ્યના ભાવથી એ ગુરૂ રૂપી દ્રવ્યની સ્થાપના થાય છે, એટલે એ દ્રવ્યે આપ્યે જ છૂટકો થાય.

આ આખુ વિજ્ઞાન છે અને ત્યારે જ અનાહદથી અનાહદ જોડાઈ જાય. ''નમો ઉવ્વજ્ઝાયાણં'' પદની અંદર અનાહદ ચક્ર અને એનો વર્ણ છે એ આખું વાતાવરણ ઉભુ કરે છે.

માસ્ટર શુધ્ધ છે, નિર્મળ છે, અહમભાવનું વિલિનીકરણ થયું છે તો એ Channel છે. દ્રવ્ય માસ્ટરનો રોલ ટી.વી. જેવો છે, તમે એને નહિ જોતા, આ માસ્ટર live છે, concious છે, conciousness છે, એની આંતરિક નિર્મળતા છે, અને જે સ્થાન ઉપર બેસે છે એ સ્થાન એવી દિવ્યતા ઉભી કરે છે, એક જવાબદારી ઉભી કરે છે. એ જવાબદારીની ભાવના ઉભી થવાથી એ ચેનલ બની જાય છે. હવે શિષ્યને એ બટન દબાવતા આવડવુ જોઈએ. ગુરૂ વ્યાસ પીઠ ઉપર બેઠા એટલે એમણે તો પોતાને set કરી લીધા, એમનું દ્રવ્ય એકદમ નિર્મળ છે અને એ નિર્મળતામાંથી જે શબ્દનો સ્ફોટ થાય અને શિષ્ય ગ્રહણની સ્થિતિમાં હોય એટલે cosmos માંથી વહેવાનું શરૂ થાય.

આ ગ્રહણની શક્તિ, ગ્રહણની ધારણા, ઈચ્છા સામર્થ્ય સ્વંય પ્રગટ કરવાનુ છે અને આ પ્રગટીકરણ રાતોરાત નથી થવાનું. આ પ્રગટીકરણની અંદર જબરદસ્ત પુરૂષાર્થની જરૂરીયાત છે, કારણકે આપણા જે જૂના અવાજો, પૂર્વ કર્મના હર સમયે ઉદભવતા ઉદયભાવ. આ ઉદયભાવની અંદર હર સમયે History નું નિર્માણ જે તમારી ઈચ્છા સામર્થ્ય સાથે જોડાય છે. જો સામર્થ્ય, સામર્થ્ય રૂપે હશે તો એ ઉદયભાવ ખતમ થઈ જશે અને સામર્થ્ય નહિ હશે તો ઉદયભાવ તમને હેરાન કરી જશે, ઉંધે રવાડે ચડાવી દેશે, અથવા વિષયોને લગતા વિચારોમાં ઘુસાડી દેશે, અથવા જે વક્તા છે, માસ્ટર છે એના પ્રત્યે પ્રતિભાવ ઉભા કરશે. જેવા આ પ્રતિભાવ ઉભા થયા કે શિષ્યની Channel બંધ થઈ.

જેવી આપણને પાછી યાદ આવે ''ઓહો આ મારી ભૂલ હતી'',

અત્યારે મારા પ્રતિભાવ કરીશ તો એ નીકળી જશે, માસ્ટર ઉભા થઈ જશે તો વાત પતી ગઈ, એ ફરી ક્યારે આવશે એનો કોઈ ભરોસો નથી.

એક નિર્દોષભાવે જેટલો આપણો સ્વીકારભાવ હશે એટલો સ્વીકારરૂપે અંદર ઉતરશે. જેટલો આપણો પ્રતિક્રિયાત્મક ભાવ હશે, શ્રધ્ધા હટાવીને ગ્રહણ કરવાની કોશિશ કરીશુ પણ પ્રાપ્ત કાંઈ નહી થાય.

માસ્ટર, માસ્ટરની રૂપે હાજર છે. એમની ક્ષમતા infinity સાથે જોડાવાની છે, અને આપણો એની સાથે જોડાણ કરવાનો અધિકાર છે. જો આપણે એ જોડાણ કર્યું તો પ્રાપ્તિ અવશ્ય થશે.

એકલવ્યે આ unconditional પ્રેમ મૂર્તિમાં મૂક્યો અને એમાંથી દિવ્યતા ઉભી કરી (સ્વીકારભાવ).

આપણને જો જોઈતું હોય તો એ આપણુ સામર્થ્ય છે, નહી કે સામેવાળાનું. સામેવાળાની કોઈ હેસિયત નથી, એનું દ્રવ્ય સ્વરૂપ, એનું નિજી જીવન શું છે એ આપણા માટે મહત્ત્વનું નથી. આ ભાવથી આપણે બેસશું અને એ ભાવથી બેસવું એનું જ નામ ''સમર્પણ''.

સૂર્ય કોઈને પસંદ કરીને પોતાનો પ્રકાશ નથી આપતો, એજ સ્થિતિ માસ્ટરની છે. એના માટે કોઈ ભેદભાવ હોતા નથી. આપણી અટકળોજ જીવનમાં મોટા અવરોધો ઉભા કરે છે.

એકજ માર્ગના બે માસ્ટરને ક્યારેય પકડવા નહિ. કોઈપણ એકજ માસ્ટર ને પકડવો, નહિ તો બન્ને વચ્ચે ખોવાઈ જશું. આ આપણા હિતની વિરૂધ્ધ છે. આંતર દ્વંદ્વ ઉભો થવાની 100% શક્યતા છે, કારણકે આપણે એટલા બધા નિર્મળ નથી થયા કે અભિપ્રાયોને ફેકતા આવડે.

આપણી આદત છે અભિપ્રાયોને પકડવાની અને એની સાથે રમવાની. આવી આપણી આદત, એ આપણું અજ્ઞાન છે.

આપણે સ્વીકારવા તૈયાર જ નથી.

આપણી પાસે કેવળીને ઓળખવાની લાક્ષણિકતા જ નથી.

જ્યાં સુધી સ્વયં માસ્ટર નહિ બનો ત્યાં સુધી એકને પકડી ચાલો. નહિ તો આધ્યાત્મિક માર્ગમાં દ્વંદ્વ ઉભો થશે.

બીજાને ન સાંભળવુ એવુ નથી, પરંતુ આપણી આંતરિક તૈયારી નથી, સમજી શકવાની અને ઉપયોગી બનાવી શકવાની, તો સાંભળીને શું થશે ? ખરેખર સામર્થ્ય સામે છે જ નહિ. એ અંદર પડ્યુ છે. અંદર જે ધુંધવાયેલુ બેઠુ છે એને હટાવી જ્યોત પ્રગટાવે એવો કોઈ માસ્ટર હજી મળ્યો નથી. શું કામ નથી મળતો ?

કારણકે આપણે એને એવુ સમર્પણ આપ્યું નથી.

એટલે એક માર્ગ પકડીને ચાલો.

આપણે આપણી સીમામાં રહી જેટલુ સમજીએ, એટલું સામે કોણ બેઠુ છે એમાંથી લઈ લેવાનું. ઘરે જઈ તાબડતોબ અમલમાં મુકી એમાંથી આનંદ કેટલો મળે છે એ જોવાનું. જો આનંદ મળ્યો તો તમારા માટે એ ગુરૂ છે. જો આનંદ નથી મળ્યો તો કાં તમારી સમજ નથી, કાં તમારા માટે એ લાયક નથી. અમુલ્યમાં અમુલ્ય તત્વ આમ સામે આવીને પડયુ હશે તો પણ એને ઓળખી નહી શકીએ, સમજી નહી શકીએ.

માટે શું કહ્યું..... ?

અત્યારના, આ ઘડીએ જે સમજાય છે એને ''પકડ'', કારણકે તારા માટે અત્યારના હિતવર્ધક એજ છે.

હું કેટલો આગળ વધ્યો છું એનું થર્મોમીટર રોજ check કરવાનું, સમર્પણ ભાવ કર્યા બાદ મારી અંદર શું ફેરફાર આવ્યો, અને નથી આવ્યો તો માસ્ટર પાસે જઈ ખુલાસો કરી રસ્તો કાઢવાનો. એની તડપડતા આવડવી જોઈએ, અને આવુ હશે તો રસ્તો મળતો રહેશે અને નહી હોય તો હજારોને પકડશો તો પણ હાથમાં નહી આવે, ઠેકાણું નહી પડે.

જ્યાં આધ્યાત્મની વાત ચાલતી હોય અને વિધ્વતતામાંથી, બુધ્ધિના ઉપયોગમાંથી બહાર નીકળીને બોલાતુ હોય તો એવી વાણીમાંથી એવાજ શબ્દો નીકળશે જેની શ્રોતાને ભૂખ હોય. જે શબ્દો હૃદયના કેન્દ્રમાંથી નીકળશે તે તરતજ અસર કરશે, પરંતુ વિધ્વતતાની વાણી અસર નિર્માણ ઉત્પન્ન કરી શકતી નથી.

**મંત્ર શું કરે છે ?**

ચક્રોને ગતિવાન કરે છે. ચક્રો આપણાં પ્રાણકેન્દ્રો છે. એ પ્રાણકેન્દ્રોમાં આપણે ખોટા આરોપિત ભાવોના આવરણો ચઢાવ્યા છે.

આત્મા તો શુધ્ધ છે, અનંત જ્યોર્તિમય છે. એની આજુબાજુ જીવ પોતે પોતાના અજ્ઞાનથી, ભાવોના આરોપણ કરી એને ઢાંકી દે છે.

આવું આરોપણ આપણે હર ક્ષણે કરતા જઈએ તો એ ચક્રો ક્યાંથી ખુલે. શરીરના દરેક ક્ષેત્રમાં જ્ઞાન સંજ્ઞા છે. એ ક્ષેત્રને આપણે સાત ભાગોમાં વિભાજીત કરી નાખ્યુ છે. દરેક ક્ષેત્રનો પોતાનો Role છે. દરેક Roleની અંદર ત્યાંનું જે કાર્ય હોય એના ઉપર આપણા આરોપિત ભાવો કરવાથી એ કાર્ય કુંઠીત થઈ જાય, એની જે ક્ષમતા હોય તે દબાઈ જાય, એટલે એનો જે original ભાવ છે તે ઉભો જ ન થાય, કારણકે એના ઉપર આરોપણના ઢગલા ખડકાઈ ગયા છે. આવું આરોપણ એકવાર નથી થતું, સતત એનો જાપ ચાલુ છે.

પરમ આનંદ આપણો ધ્યેય છે.

**પરમ આનંદની અવસ્થા કયા મંત્રમાંથી ઉભી થાય ?**

**''મારે નથી થવુ હેરાન.''**

**એનું ફળ શું ?**

**આનંદ... આનંદ... આનંદ.**

જેટલીવાર આ મંત્ર યાદ રહેશે એટલીવાર સમતા ઉભી થાશે. સમતામાંથી જે ફળ ઉભુ થશે એ આનંદનું ફળ. એકદમ નિરાકુળતા, Relax..

આ આનંદ જેમ જેમ ભેગો થશે, એનો વિસ્તાર થતો જશે, એ વિસ્તાર જ **''મોક્ષ''** છે.

ભગવાને શરૂઆતમાં શબ્દ વાપર્યો ''અહિંસા'', એમને લઈ જવું હતું મૈત્રી ઉપર, પણ શરૂઆતમાં કહ્યું ''અહિંસા''.

હિંસા નહી કર તું....

ભગવાન જે ભાષામાં કહેવા માંગતા હતા, જે ભાવ હતો તે બીજુ કાંઈ નથી પણ **''મારે નથી થવુ હેરાન''**.

**આપણે શું સ્થૂળ પકડ્યું ?**

જીવ હિંસા.


તું જ મોટો જીવ છે, તારૂં જાતે તું ઠેકાણું પાડ, બાકી બધા જીવ ઠેકાણે છે. તારા પોતાના પ્રાણની હિંસા ન થાય એવું વર્તન કર.


મૂળમાં જે ધ્યેય છે એ પકડમાં આવે કે **''મારે નથી થવુ હેરાન''** અને એ માણસ એવી ભાવ ધારા શરૂ કરે, એ બીજાને કઈ રીતે હેરાન કરી શકે.


**નમો જિણાણં.**

❒

શુભેચ્છક : લગ્નની આમંત્રણ પત્રિકામાં લખો કે તમારું લગ્નજીવન તમારા શાંતિભર્યા જીવન માટે ખતરા રૂપ છે.




શુભેચ્છક :

નાના નાના અનેક ખાડા ખોદવાથી પાણી મળતું નથી.

नमो जिणाणं

# THE SCIENCE OF DIVINE LIVING
## Audio Video CD-DVD Collection

**संगीत सुरावली और प्रवचन AUDIO Mp3 CD (रु. १००/- DONATION देने पर यह COMPLIMENTRY दी जाएगी)**

१) CONTINUOUS नवकार जाप
२) CONTINUOUS गुरु स्तुति
३) स्तुति वंदना (गुजराती)
४) स्तुति वैभव (हिन्दी)
५) आरती / मंगल दिपक

६) सिमंधर स्वामी फोटो
७) मोबाईल देववंदन
८) सिध्धाचल भक्ति संध्या
९) नमो जिणाणं धून
१०) अरिहंत परमात्मा की त्रिपदी (THEME CARD)

१) पर्युषणकी भूमिका और इतिहास
२) मंत्र का स्वरुप
३) तप का स्वरुप
४) जगत का स्वरुप
५) भक्ति का स्वरुप
६) PRACTICAL संवत्सरी का स्वरुप

**संगीत सुरावली और प्रवचन AUDIO Mp3 CD (रु. २००/- DONATION देने पर यह COMPLIMENTRY दी जाएगी)**

१) प्रार्थना सभा - Vol I, II & III
२) Instant Moblie प्रतिक्रमण (हिन्दी/ગુજરાતી / English)
३) अरिहंत वंदनावली Vol I, II & III
४) तिर्थंकर वंदनावली २०१२ (२४ तीर्थंकर स्तुती और गुण धून)
५) ३४ अतिशय वंदनावली
६) विघ्नहर्ता पंच स्मरण (हिन्दी/ગુજરાતી)

७) प्रभु कृपा और पांच धुन
८) वास्तु पूजा ९) शांति स्मरण
१०) भक्ति संध्या (२००७/०९/१०/११) ANNIVERSARY भक्ति संध्या
११) भाववाही स्तुति (२००७/०९/११)
१२) मूर्ति पूजा के रहस्य (LIVE PUJA)

१) तत्व स्वरुप - Vol I,II,III & IV
२) सिद्धाचल सत्संग - १/२/३ (२००९/२०११)
३) नमस्कार महामंत्र योग (हिन्दी)

**ALL AUDIO Mp3 CD (Rs. 900/- DONATION देने पर यह COMPLIMENTRY दी जाएगी)**

1) Second Innings Golden Period Practical Workshop
2) Celebration Satsang Collections with Mahavir Antimvani Uttaradhyayan Sutra Ch.1 to 10 (Vol.I & II)
3) Nisarg Anand Picnic Mahabaleshwar (Vol: I & II)
4) Celebration Satsang Collections with Bhagwad Geeta Ch.1 to 6 (Vol.I & II)
5) Navratri - Navpad Jaap Pujan
6) सिध्धाचल क्षेत्रे सत्संग भक्ति -9 DVD ALBUM
7) CHILD PARENTS PRACTICAL WORKSHOP (AGE 6-12/13-18yrs.)
8) YOUTH FORUM WITH PARENTS PRACTICAL WORKSHOP (AGE 19 to 35yrs.)

**प्रत्येक Audio Mp3 CD Only For Shibirarthi COMPLIMENTRY**

1) PART 1 (VOL.1 & 2) Rs.900/-
2) PART 2 (VOL.1 & 2) Rs.900/-
३) मंगल मैत्री (Part I) (हिन्दी/ગુજ.) Rs. 300/-
४) मंगल मैत्री (Part II) (हिन्दी/ગુજ.) Rs. 300/-
५) शरीर मैत्री/प्राण मैत्री (Video DVD) Rs. 400/-
६) सेवक शिबीर (Vol. I & II) - Rs. 600/-
७) मंत्र Cards Set (3 Nos.) - Rs. 300/-
८) Monthly Theme Card - Rs. 100/-

**PRACTICAL PARYUSHAN COMPLIMENTRY**

1) Past years Audio Mp3 CD Rs.1000/-
2) Current years Audio Mp3 DVD Rs.1500/-
3) Past years Video DVD Rs.4500/- (25 DVDs)
4) Current years Video DVD Rs.6000/- (24 DVDs)

**Science Of Divine Living Navkar Mantra COMPLIMENTRY**

1) Part - 1 Audio Kit -Rs.1800/-
2) Part - 1 AudioVideo Kit - Rs.3600/-

**Courier Charges** - Extra Rs. 300/- in India, Rs.100/- in Mumbai, Abroad as applicable

**Video DVD COMPLIMENTRY**

१) नवकार साधना शिबीर for साधु-साध्वी Rs. 2100/- (14 DVD)
२) पावापुरी मे ४८ घंटे देशना और समेतशिखर यात्रा (Video Rs. 3000/- & Audio Rs. 1500/-
३) सिध्धाचल - शेत्रुंजय पर्वत यात्रा विज्ञान - Rs.200/-
४) समेत शिखर पर्वत यात्रा विज्ञान - Rs. 200/-

**FOR DT : 9867811201
9833133266
9322235233**

શુભેચ્છક :

જેવી છે તેવી જીંદગીનો સ્વીકાર કરો વિરોધ ના કરો.

नमो जिणाणं

# परम सुख जीवन विकास केन्द्र, मुंबई

## Annual Activites / साल के दौरान की प्रवृत्तियाँ

### SCIENCE OF DIVINE LIVING WORKSHOPS

1) Public Awareness Divine Living Foundation Workshops. (जाहेर शिबिरें)
2) नमस्कार महामंत्र योग – Practical Workshops :
   Part I – Experiential Navkar महामंत्र योग – 9 Sessions
   Part II – 9 Step Life Management with Navkar मंत्रयोग – 12 Sessions
3) Youth Forum With Parents Practical Workshop.
   (Youth Age – 19 to 32 Years)
4) Second Inning Golden Period Practical Workshop.
   (Age nearing to 50 years and above).
5) Child-Parent Practical Workshop. (Age Gr. 6–13 / 14–19 Yrs.)
   Solving issues of Child-Parents relationship.
6) Workshops for Married Couples. (Any Age group )
7) सिध्धाचल तीर्थ पर साधु-साध्वीजी भगवंतो के लिए नवकार साधना शिबीर , वैयावच्च तथा MEDICAL CAMP
8) WORKSHOP FOR PARMSUKH समर्पित सेवक
9) DIVINE SCIENTIFIC PRACTICAL सम्यक् PARYUSHAN ANUBHAVDHARA (8/9 DAYS)
10) महावीर जन्म कल्याणक निमित्त से नीचे बताई गई पांच सेवा प्रवृत्तियाँ की जाती है ।
   (१) होस्पीटल सेक्टर - GOVERNMENT HOSPITAL को उपयुक्त साधन सामग्री उपलब्ध करवाई जाती है ।
   गरीब मरीजों और CRITICAL PATIENTS को HIGH VALUE MEDICAL सुविधा उपलब्ध करवाई जाती है ।
   (२) EDUCATION SECTOR - PRIMARY, SECONDARY और उच्च शिक्षण के लिए जरुरतमंद विद्यार्थीओं को SCHOOL, COLLEGE , TUTION FEES उपलब्ध करवाई जाती है ।
   (३) आश्रम सेक्टर - GOVERNMENT आश्रमो तथा अन्य आश्रमो मे जरुरी साधन सामग्री तथा खाद्यान ,GROCERY ITEMS उपलब्ध करवाई जाती है ।
   (४) पू. साधु-साध्वी भगवंत वैयावच्च - जिस प्रकार जरुरत है, उस प्रकार सुविधा उपलब्ध करवाई जाती है ।
   (५) SCIENCE OF DIVINE LIVING WORKSHOP - समाज उपयुक्त सामाजिक , धार्मिक और आध्यात्मिक कार्यक्रमो के प्रचार प्रसारण की सेवा की जाती है ।
11) साल में ३ बार निर्दोष आनंद उत्सव की PARTY
12) निसर्ग आनंद पिकनीक का आयोजन
13) आध्यात्मिक भूमिओं के आध्यात्मिक प्रवास तथा छ'री पालित यात्रा
14) नमो जिणाणं THE SCIENCE OF DIVINE LIVING MAGAZINE (त्रि मासिक)
15) चैत्री और अश्विन मास की श्री नवरात्री आराधना और श्री नवपद साधना श्री सिध्धचक्र यंत्र के साथ (१५ दिन)
16) एक दिवसीय श्री सिध्धचक्र यंत्र जाप पूजन अनुष्ठान

### 17) उत्सव सत्संग (TIME : 6.30pm TO 8.30pm)

*हर महिने* Celebration Satsang *(उत्सव सत्संग) का आयोजन । सत्संगीओ के* Birthday *और* Anniversary *मनायी जाती है । जाप के बाद* Personal *सत्संग होता है । यह उत्सव सत्संग पार्ला और मुलुंड सेन्टर मे महिने के दूसरे और तीसरे शनिवार को होता है ।*

### 18) Open House Satsang (Time : 8.30pm to 10.30pm)

*पार्ला सेन्टर - श्री उत्तराध्ययन सूत्र - भ.महावीर की अंतिम वाणी* (EVERY 2nd Saturday)
*मुलुंड सेन्टर - श्री भगवद्गीता और मेरा जीवन* (EVERY 3rd Saturday)

શુભેચ્છક :

શાંત થવું સરળ છે, જયારે અશાંત થવું ઘણું મુશ્કેલ છે.